**સુવિચાર**
જે જ્ઞાન વર્તનમાં લાવે તે જ્ઞાન સાચું. માણસનું વર્તન એ જ સાચી ઓળખ. જ્ઞાન એટલે ગુરૂની અનુભવવાણી, ધર્મ એટલે ધ્યેય પ્રાપ્ત કરવાની સાધના.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૯/૧૧/૨૦૨૩, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

# અમરેલી એક્સપ્રેસ

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ કારતક સુદ-૭ વર્ષ : ૧૫ અંક : ૨૭૯

## અલૌકિક દર્શન, શોભાયાત્રા, મહાઆરતી, મહાપ્રસાદ, સંતવાણી સહિતનાં કાર્યક્રમ વચ્ચે

# અમરેલી જિલ્લામાં આજે પૂ. જલારામબાપાનાં ૨૨૪માં પ્રાગટ્ય દિનની ઉજવણી


**રઘુવંશી સમાજ દ્વારા પૂ. જલારામબાપાનાં પ્રાગટ્ય દિનની ઉજવણીને લઈને અનેરો થનગનાટ**

**અમરેલી ખાતે બપોરે ૩-૩૦ કલાકે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરાયું**

**સાંજે ૭-૩૦ કલાકે લોહાણા મહાજન વાડી ખાતે મહાપ્રસાદ મોરઝરીયા પરિવારનાં સહયોગથી યોજાશે**

**સાવરકુંડલા, રાજુલા, લીલીયા, બાબરા, બગસરા, વડિયા સહિત તમામ શહેરોમાં પૂ. જલારામબાપાનાં પ્રાગટ્ય દિનની થશે ઉજવણી**






અમરેલી, તા. ૧૮
અમરેલી લોહાણા મહાજન આયોજીત સંત શિરોમણી પૂજય જલારામબાપાની ૨૨૪ જન્મ જયંતિ કારતક સુદ સાતમ અને રવિવારના રોજ આવતી હોય આ ઉજવણી સંબંધે સમસ્ત રઘુવંશી પરિવારમાં થનગનાટ અને ઉત્સાહ પ્રવતિ રહેલ છે. સંત શિરોમણી પૂજય જલારામબાપાની આ ૨૨૪મી જન્મ જયંતિ ભવ્ય રીતે ઉજવવા સંબંધે એક અગત્યની મીટીંગ તારીખ ૧૬/૧૧/૨૦૨૩ ને શુક્રવારના રોજ સમસ્ત લોહાણા મહાજનના ટ્રસ્ટીઓ અને જલારામ મંદિર સમિતિના સભ્યોની અધ્યક્ષતામાં સમસ્ત રઘુવંશી પરિવારોની હાજરીમાં આ આયોજન થયેલ હતું.

આ મિટિંગમાં પૂજય જલારામબાપાનીની ઉજવણી ભવયાતીભવ્ય રીતે થાય તેની રૂપરેખા અને કાર્યની જવાબદારીની વહેંચણી સંબંધે ચર્ચા થયેલ હતી. ખાસ કરીને યુવા વર્ગ દ્વારા આ સમગ્ર કામગીરી ઉત્સાહભેર કરવાનું આયોજન થયેલ હતું.

નિયત થયેલ કાર્યક્રમની રૂપરેખા મુજબ પરંપરા મુજબ પૂજય જલારામબાપાની વર્ણાગી તારીખ ૧૯/૧૧/૨૦૨૩ ને રવિવારે બપોરે ૩:૩૦ કલાકે લોહાણા ગેસ્ટ હાઉસ ખાતેના જલારામ મંદિરેથી પ્રારંભ થશે અને આ વર્ણાગીમાં બાળકો છોટે જલારામના પરિધાન ધારણ કરીને જોડાશે. ૩૫૧ કળશ કન્યા તરીકે સમાજની બાલિકાઓ પણ જોડાશે. પૂજય જલારામબાપાની બગી ઘોડેસ્વારો સાથે આ વર્ણાગીમાં જોડાશે અને વર્ણાગી નાગનાથ મંદિરે વિરામ લઈને માતૃશ્રી અંબાબેન નરશીદાસ સોઢા લોહાણા મહાજન વાડી, લાઠી રોડ ખાતે પહોંચી સાંજે ૭:૦૦ કલાકે જલારામ મંદિરે મહા આરતી થશે. ત્યારબાદ સાંજે ૭:૩૦ કલાકે મહાપ્રસાદનું આયોજન થયેલ છે. લોહાણા મહાજન વાડી ખાતે આ મહાપ્રસાદના આયોજનમાં મુખ્ય યજમાન તરીકે ચંદુભાઈ મથુરાદાસ

અનુસંધાન પાના ૬ ઉપર

એકયમ ન્યુરોસાઈકિયાટ્રી હોસ્પિટલ
ડો. વિવેક જોષી
ન્યુરોસાઈકિયાટ્રીસ્ટ
M.B.D.P.M.
FIPS.MIAPP
• મગજ • માનસીકરોગ • જાતીય નબળાઈ તથા વ્યસનમુકિતનાં નિષ્ણાંત
પરમ કોમ્પલેક્ષ, બીજો માળ, મોટા બસ સ્ટેશન પાસે, સ્ટેશનરોડ, અમરેલી ફોન: (૦૨૭૯૨) ૨૨૪૨૨૪, ૯૭૩૭૦ ૨૮૧૮૧

પૂ. જલારામ બાપાના ચરણોમાં શત્ શત્ વંદન
સંત શિરોમણી પૂ. જલારામ બાપાને ૨૨૪મી જન્મજયંતિ નિમિતે તેમના ચરણોમાં અમારા શત્ શત્ વંદન...
આઈસ્ક્રીમ તેમજ ૫૧ થી વધારે સોડાની ફલેવર ધરાવતી અમારી શોપ પર એકવાર અવશ્ય મુલાકાત લો.
જય જલારામ....
My Choice
SPECIAL LIMBU SODA
રાજકમલ ચોક, અમરેલી.

SAMSUNG
વ્યાજબી ભાવ, સર્વોત્તમ સર્વીસ, ઉતમ પ્રોડકટ એજ અમારી ઓળખ !
0% વ્યાજદર
INSTANT CASHBACK OFFER
સરળ માસીક હપ્તે વસાવો
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION | EASY EMI AVAILABLE
BAJAJ FINSERV | HDFC BANK | HDB
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૮૪૪૪ ૫૯૫૪૭

અમરેલી લોહાણા મહાજન આયોજીત
શ્રી જલારામ બાપા ની-૨૨૪મી જન્મજયંતિ ઉજવણી-૨૦૨૩
ભાવભર્યુ આમંત્રણ
સહર્ષ ખુશાલી સાથે જણાવવાનું કે
પ.પૂ. શ્રી જલારામ બાપાની ૨૨૪મી જન્મજયંતિ
ઉત્સવનો કાર્યક્રમ સંવત ૨૦૮૦ ના કારતક સુદ સાતમ ને રવિવાર તા.૧૯-૧૧-૨૦૨૩ ના રોજ સંપુર્ણ હર્ષોલ્લાસથી ઉજવવામાં આવશે આપશ્રીને ને સહપરિવાર તથા મિત્રમંડળ સહિત ભાવભર્યુ નિમંત્રણ પાઠવીએ છીએ
સંત શીરોમણી પ.પૂ.શ્રી જલારામબાપાની ૨૨૪ મી
જન્મ જયંતિ મહોત્સવ
સમૂહ પ્રસાદ તેમજ જ્ઞાતિ ભોજનના મુખ્ય યજમાન દાતા પરિવાર
શ્રી ચંદુલાલ મથુરદાસ મોરઝરીયા
(શિવ ફરસાણ-ધારીવાળા)
શોભાયાત્રા
તા.૧૯-૧૧-૨૦૨૩, રવિવાર, બપોરે ૩:૩૦ કલાકે
(લોહાણા ગેસ્ટહાઉસ શ્રી જલારામ મંદિર થી નીકળશે.)
મહાઆરતી
તા.૧૯-૧૧-૨૦૨૩, રવિવાર
સાંજે ૭:૦૦ કલાકે
રઘુવંશી અમરેલી લોહાણા મહાજન
મહાપ્રસાદ
તા.૧૯-૧૧-૨૦૨૩, રવિવાર
સાંજે ૭:૩૦ કલાકે
સ્થળ : માતુશ્રી અંબાબેન નરશીદાસ સોઢા લોહાણા મહાજન વાડી, લાઠી રોડ, અમરેલી.
નિમંત્રક : શ્રી અમરેલી લોહાણા મહાજન તેમજ ટ્રસ્ટીગણ
શ્રી જલારામ મંદિર કમિટી તેમજ સર્વે સભ્ય
નોંધ : શ્રી ઠકકર યુવા સંગઠન દ્વારા આયોજિત કળશ મહોત્સવ તથા બાળ જલારામ બાબતે સુચના
દરેક બાળ જલારામ તથા કળશ કન્યાએ બપોરે ૨:૩૦ વાગે ગેસ્ટહાઉસ પર પહોંચી ફોર્મ રજુ કરી બિલ્લા મેળવી લેવા.
વરર્ણાગી પ્રથમથી આખર સુધી હાજર રહેનાર ને જ પ્રોત્સાહિત કરવામાં આવશે.

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust Amreli
24/7 Emergency Services
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ

### અમરેલી નજીક આવેલ

# સાવરકુંડલા રોડ ઉપર પતિએ પત્નિને દાંતરડાનો ઘા મારી ગંભીર ઈજા કરી

## ઘવાયેલ પત્નિને સારવાર માટે રાજકોટ ખસેડાયા

અમરેલી, તા. ૧૮

અમરેલીનાં સાવરકુંડલા રોડ ઉપર આવેલ લીલાનગરમાં રહેતા રમાબેન દિલીપભાઈ સોલંકી નામના ૬૦ વર્ષિય વૃઘ્ધાને તેણીના પતિ દિલીપભાઈ ઉકાભાઈ સોલંકીએ કહેલ કે તું ફોટા વેંચવા માટે જતી નથી. જેથી વૃઘ્ધાએ જવાબ આપેલ કે તેમને બે–ત્રણ દિવસથી ચિકનગુનીયા જેવો તાવ આવે છે જેથી હું તમારી સાથે ફોટા વેચવા આવતી નથી. તેમ કહેતા વૃઘ્ધાનાં પતિએ ઝગડો કરી બળતણ કાપતા કાપતા હાથમાં રહેલ દાંતરડાનો ઘા પોતાની વૃઘ્ધ પત્નિને પીઠનાં પાછળના ભાગે મારી દેતા વૃઘ્ધાને ગંભીર ઈજાઓ થતાં સારવાર માટે પ્રથમ અમરેલી અને વધુ સારવાર માટે રાજકોટ દવાખાને ખસેડવામાં આવેલ છે.

### ત્રણ ઈસમો વિરૂઘ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ

# ઉનાનાં અમોદ્રામાં નાળિયેરીનાં પાના કાઢતી વખતે બોલાચાલી બાદ ધમકી આપી

## લાકડાનાં પાઈપ વડે હુમલો કરવામાં આવ્યો


તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧૮

ઉનાના અમોદ્રા ગામે રહેતા કેતનભાઈ સંગ્રામભાઈ સોલંકી અમોદ્રા ગામની દડવા સીમ વિસ્તારમાં આવેલ નારિયેરીના બગીચામાં નારિયેરીના પાન કાઢતી વેળા બાજુના સેઢા પાડોશી રવેશીંગ રાયસીંગભાઈ સોલંકી કેતનભાઈની વાડીમાંથી નીકળેલ હોય. જેથી ફરિયાદી કેતનભાઈએ કહેલ કે તમારા ખેતરમાં જવાનો રસ્તો અમારા ખેતરમાંથી નીકળેલ નથી તેથી રવેશિંગે ફરિયાદી કેતનને કહેલ કે અમારા ખેતરનો રસ્તો અહીંયા જ છે અને અહીંયાથી જ અમે પસાર થઈશું. તેવું કહી પોતાની પાસે રહેલ પાવડામાંથી પાવડાનો લાકડાનો ધોકો કાઢી ફરિયાદી કેતનના પગમાં મારી દેતા ફરિયાદીને ઈજાઓ થતા રવેશીંગ રાયસીંગભાઈ સોલંકી, જય રેસિંગ સોલંકી તથા વિજય માનસિંગ સોલંકી રહે. તમામ અમોદ્રા તા. ઉનાવાળાઓએ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા ઉના પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### કોઈ અજાણ્યા શખ્સનું કારસ્તાન

# દામનગરનાં ગ્રામ્ય વિસ્તારની એક સગીરા સાથે દુષ્કર્મની ઘટના બની

## સગીરા સગર્ભા બનતા ઘટના બહાર આવી

અમરેલી, તા. ૧૮

દામનગર નજીક ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક ૧૫ વર્ષની તરૂણીને આઠેક માસ પહેલા કોઈ અજાણ્યો ઈસમ તરૂણીને લગ્ન કરવાની લાલચ આપી અથવા તો લલચાવી–ફોસલાવી ભાલવાવ ગામની સીમમાં લઈ જઈ તરૂણી સાથે શારીરિક સબંધ બાંધી જાતિય દુષ્કર્મ આચરીને તરૂણીને ગર્ભ રાખી દઈ નાસી ગયાની ફરિયાદ ભોગ બનનાર તરૂણીનાં દાદાએ દામનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવતા અમરેલી સીપીઆઈ ધ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### વણથંભી વિકાસયાત્રા અંતર્ગત

# અમરેલીનાં વોર્ડ–૮ જેશીંગપરામાં બે પાર્કોનું લોકાર્પણ કરવામાં આવ્યું

## કૌશિક વેકરિયા, મુકેશ સંઘાણી સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા. ૧૮

અમરેલી નગરપાલિકાની વણથંભી વિકાસયાત્રામાં શહેરાનાં વોર્ડ–૮ જેશીંગપરા વિસ્તારમાં જનસુખાકારી અને બાળકો માટે ક્રીડાંગણ સાથેના બે પાર્કોનું લોકાર્પણ કરવામાં આવેલ હતું.

ભાજપ શાસિત અમરેલી નગરપાલિકાની વિકાસયાત્રાની હરણફાળમાં વધુ એક કાર્યસિઘ્ધિ ઉમેરાયેલ હતી. જેમાં સંસદ સભ્ય વિકાસ યોજના અંતર્ગત રૂા. ૧૧ લાખનાં ખર્ચે શહેરનાં જેશીંગપરા વિસ્તારમાં સ્થાનિક રહીશોની સુખાકારી અને બાળકો માટે ક્રીડાંગણ સહિતના બે પાર્કોનું સાંસદ નારણભાઈ કાછડીયા, નાયબ દંડક કૌશિકભાઈ વેકરિયા, અમર ડેરીનાં વાઈસ ચેરમેન મુકેશભાઈ સંઘાણી, નગરપાલિકા પ્રમુખ બિપીનભાઈ લીંબાણી, કારોબારી ચેરમેન મનિષભાઈ ધરજીયા, સુરેશભાઈ શેખવા, સંદીપ માંગરોળીયા, ગિરીશ ત્રાપસિયા, હકાભાઈ ગઢવી તેમજ સ્થાનિક રહીશોની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવેલ હતું.


તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
▪ડોલ (૨૫ લી.) ▪પાટલો ▪ ટમ્બલર
▪ સોપ હોલ્ડર ▪ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/–માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬


શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ
देवी महालक्ष्मी की कृपा से,
आपके घर में हमेशा
उमंग और आनंद की रौनक हो
ગીરગઢડા તાલુકા સસ્તા અનાજ એસોસિએશન તરફથી સમગ્ર ગીરગઢડા તાલુકાનાં પ્રજાજનોને નૂતન વર્ષાભિનંદન....
કનૈયાલાલ વિષ્ણુદાસ પમનાણી
પ્રમુખશ્રી
મનિષગીરી ચિમનગીરી ગૌસ્વામી
ઉપપ્રમુખશ્રી
ગીરગઢડા તાલુકા સસ્તા અનાજ એસોસિએશન
મુ. ગીરગઢડા, તા. ગીરગઢડા, જિ. ગીરસોમનાથ

શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ
HAPPY Diwali FESTIVAL OF LIGHTS
Shree Ambika Transport Co.
II jay Ambe Ma II
H.O. M : 9377100511 - M : 9377100400 - 0.2426531 - M : 9924126533 H.O. : Sutarwad Bhavnagar
Authorised : Transport Contractor, L & T Ultra Tech Cement Co. Limited - works : Rajula Dump. Hindorna
M : 9924125531
Works : L & T Cement Kovaya (Rajula)
M : 9924126530 / 32

શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ
Happy Diwali

ડો. ભાવેશ સોલંકી
ભાજપ અગ્રણી - મુ. વણાકબારા (દીવ)

શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ
Happy Diwali
વૈશાલી એસોશીએટસ્
અલ્ટાટેક સિમેન્ટ લીમીટેડ ઓથો. ટાન્સપોર્ટર
મો. નં. ૯૮૭૯૨ ૦૭૬૦૭
મો. નં. ૯૯૨૫૦ ૦૯૦૬૭
અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની ડીસ્પેચ ગેઈટ કમ્પાઉન્ડ-કોવાયા
મુ. કોવાયા, તા. રાજુલા. જી. અમરેલી.

શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ

શ્રી અરુણાબેન અશોકભાઈ છોડવડીયા
સરપંચશ્રી
શ્રીમતી લીલીબેન મનીષભાઈ ભાલીયા
ઉપસરપંચ
: સદસ્યશ્રીઓ :
શ્રીમતી વર્ષાબેન શૈલેષભાઈ વઘાસીયા
શ્રીમતી કલ્પનાબેન નરેશભાઈ વઘાસીયા
શ્રી દયાબેન પ્રવિણભાઈ ગોહિલ
શ્રી ઈલેશભાઈ હરજીભાઈ ગોહિલ
પાતાપુર ગ્રામ પંચાયત
મુ. પાતાપુર, તા. ઉના, જિ. ગીર સોમનાથ

YAMAHA
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
fascino 125 Fi (ફ્યુલ ઈન્જેકશન)

BS-6 લોન્ચ
ભારતમાં પ્રથમવાર એકજ સ્કૂટરમાં સાત સેન્સર ધરાવતું સ્કૂટર
એડવાન્સ ટેકનોલોજી અને સ્ટાન્ડર્ડ ક્વોલિટી સાથે
30 POWER 16 MILEAGE
▪ બધા જ કલરમાં ઉપલબ્ધ
▪ ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
BS-VI COMPLIANT
જીજ્ઞેશ એજન્સી
પ્લોટ નં. ૧, સફારી પાર્ક, અતુલ મોટર્સ સામે, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ
happy diwali
दीप जले दीवाली में,
संग पटाखों की भी बारी आयी,
खुशियों भरा रहे घर आंगन,
दिवाली की हार्दिक बधाई।
: શુભેચ્છક :
સસ્તા અનાજ એસોસીએશન ઉના
શ્રી લોકેશકુમાર ભૂલચંદભાઈ ધાનાણી
પ્રમુખ
શ્રી દાદુભાઈ જીવાભાઈ બારૈયા
ઉપપ્રમુખ
તેમજ ઉના તાલુકા સસ્તા અનાજ દુકાનધારકો...
મુ. ઉના, જી. ગીરસોમનાથ

## રાજયપાલની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીનાં વરદ્હસ્તે

# દુધાળા ખાતે ''જળ ઉત્સવ''નો દબદબાભેર પ્રારંભ

**વીજળી અને પાણીનાં અભાવને કાયમ માટે રાજયમાંથી જાકારો અપાશે : રાજયપાલ**

**છેવાડાનાં નાગરિક સુધી સરકારી યોજનાઓ સંકલ્પ યાત્રાનાં માધ્યમથી પહોંચાડાશે : મુખ્યમંત્રી**

**જિલ્લામાં પાણી મેળવવામાં બાકી રહેતા વિસ્તારોને સૌની યોજનામાંથી પાણી અપાશે**

**પ્રવાસીઓને આકર્ષવા માટે અનેકવિધ સુંદર વ્યવસ્થા ઉભી કરવામાં આવી**



અમરેલી, તા. ૧૮

રાજયપાલ આચાર્ય દેવવ્રતજીની ગરિમાપૂર્ણ ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દુધાળા ગામ ખાતે, રાજયના પ્રથમ ૧૦ દિવસીય ' જળ ઉત્સવ ૨૦૨૩'ને ખુલ્લો મુકયો હતો.

આ પ્રસંગે રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ પ્રેરક ઉદ્બોધન કરતાં કહ્યું હતું કે, આજે રાજય માટે ખૂબ જ અગત્યનો દિવસ છે. રાજયનો પ્રથમ જળ ઉત્સવ દુધાળાની ધરતી પર ઉજવાઈ રહ્યો છે. જળ એ જ જીવન છે. જળ વગર ખેતીવાડી, પશુ–પંખી, જીવસૃષ્ટિ, સચરાચરની કલ્પના થઈ શકે નહીં. આગામી દિવસોમાં રાજયને પાણીની સમસ્યાથી મુકત કરવાનો મુખ્યમંત્રીનો સંકલ્પ છે. આ સંકલ્પ માત્ર ગુજરાત જ નહીં, પરંતુ બીજા પ્રદેશની સરકારો માટે પણ પ્રેરણારૂપ બનશે.

અમરેલીમાં થયેલા જળ સંચયના ભગીરથ કાર્યને ટૂરિઝમ ક્ષેત્ર તરીકે વિકસાવવાનો વિચાર વ્યકત કરતાં રાજયપાલે કહ્યું હતું કે, અહીં સરકારી ખરાબાની જમીન પરથી બાવળ દૂર કરીને વિવિધ વૃક્ષો ઉછેરીને જંગલને હર્યું ભર્યું બનાવવાનું કાર્ય કરી શકીએ. જેનાથી વરસાદ વધશે સાથે પર્યાવરણ પણ સુધરશે.

રાજયપાલે કહ્યું હતું કે, વિકસિત રાજયની સંકલ્પના સાકાર કરવા ઔદ્યોગિક ક્રાંતિની ઝડપ વધારવામાં આવશે. તેનો આધાર વીજળી અને પાણી છે. તેના અભાવને કાયમ માટે રાજયમાંથી દૂર કરવામાં આવશે.

આ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્રમાં લગભગ બધાએ પાણીની તકલીફ જોઈ છે. પણ આજે ખારોપાટ વિસ્તારમાં ગાગડિયા નદીને પાણીથી ભરી દેવાઈ છે, તેવું સરસ આયોજન રાજય સરકાર અને ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા થયું છે.

મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝનનો સૌથી વધુ ફાયદો ગુજરાતને થયો છે. નરેન્દ્રભાઈ મુખ્યમંત્રી બન્યા પછી નર્મદાના પાણીનો એવો ઉપયોગ થયો છે કે, ગુજરાત હરિયાળું બન્યું છે. એ પછી રાજયમાં ૨૪ કલાક વીજળીની વ્યવસ્થા ઊભી કરી છે. સેવા અને સુશાસન નરેન્દ્રભાઈનો કાર્યમંત્ર રહ્યો છે.

ગુજરાત રાજયમાં આરોગ્ય, માળખાકીય સુવિધા, આર્થિક ક્ષેત્રે થયેલા વિકાસની વિગતો આપતાં મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ૨૦૦૬માં ધોરડોમાં રણોત્સવના પ્રારંભ વખતે નરેન્દ્રભાઈએ કહ્યું હતું કે, અહીં દેશ દુનિયાના લોકો આવશે. હાલમાં જ વર્લ્ડ ટૂરિઝમ ઓર્ગેનાઈઝેશને ધોરડોને બેસ્ટ વિલેજ ફોર ટૂરિઝમ જાહેર કર્યું છે. અહીં પણ જળ ઉત્સવ શરૂ થયો છે ત્યારે અનેક લોકો અહીં આવશે.

વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત બનાવવાના સંકલ્પ સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ભારતને વિકસિત બનાવવા માટે ગુજરાતને વિકસિત બનાવવાનું છે. આ માટે નાનામાં નાના, છેવાડાના માણસને સરકારી મળવાપાત્ર બધી યોજનાઓનો લાભ મળે તેવા સેચ્યુરેશન પોઈન્ટ સાકાર કરવાના પ્રયત્નો આ યાત્રામાં કરાઈ રહ્યા છે. નાનામાં નાના માણસને મુખ્ય પ્રવાહમાં જોડીશું તો જ ગુજરાત વિકસિત બનશે.

સરકારના પ્રયાસોના કારણે આજે લોકોને પાણી મળતું થયું છે પરંતુ ભવિષ્યમાં પાણીની તકલીફ ના સર્જાય તે માટે જળસંગ્રહ માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દરેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવર બનાવવાની યોજના અમલમાં મુકી છે. જેને ગુજરાત સરકારે સાકાર કરી હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું. જળ સંચય અને જળ સંરક્ષણ સાથે જળ જતન માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ 'પાણીને પ્રસાદની જેમ વાપરવા' કરેલા આગ્રહનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીએ બધાને પાણીના વિવેકપૂર્ણ ઉપયોગની પણ અપીલ કરી હતી.

આ પ્રસંગે મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં લાઠી–લીલીયાના ખારાપાટમાં પી.પી.પી. ધોરણે ગાગડિયો નદી ઊંડી, પહોળી કરવાનું ડીસિલ્ટિંગ કરવાનું કામ થયું છે. આ કાર્ય થકી ખારાપાટમાં જળ ક્રાંતિ આવી છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા પાણીનું મહત્વ સમજીને જળશકિત મંત્રાલય બનાવવામાં આવ્યું છે, દેશમાં વોટર ગવર્નન્સ દ્વારા જળ સંરક્ષણના કાર્યો થઈ રહ્યા છે. સૌની યોજના લિંક–૨ અને ૪ દ્વારા અમરેલીને સિંચાઈનું પાણી પૂરૂં પાડવામાં આવે છે. જેમાં અમરેલી જિલ્લાના લાઠી અને લીલીયા તાલુકાના બાકી વિસ્તારોમાં સૌની યોજનાનું પાણી પહોંચાડવા માટે સઘન પ્રયાસો કરવામાં આવશે. આ ઉપરાંત મુખ્યમંત્રીના માર્ગદર્શનમાં સૌની યોજના હેઠળ અમરેલી જિલ્લાના બાકી રહેતા ડેમોમાં પાણી ભરવામાં આવશે.

ધોળકિયા ફાઉન્ડેશનના વડા પદ્મ સવજીભાઈ ધોળકિયાએ પ્રાસંગિક પ્રવચનમાં કહ્યું હતું કે, જળ વિનાના વિસ્તારમાં દશકાઓથી કોઈ મોટો ઉત્સવ ન થયો હતો. ત્યાં વડાપ્રધાનની પ્રેરણા તેમજ મુખ્યમંત્રીના સક્ષમ નેતૃત્વમાં આજે જળ ઉત્સવ થઈ રહ્યો છે. સમાજ અને સરકાર સાથે મળીને કોઈ કાર્ય હાથમાં લે ત્યારે કેવો ચમત્કાર સર્જાય તેનું જીવંત ઉદાહરણ અમરેલીમાં થયેલા જળસંગ્રહના કાર્યો છે.

આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટર અજય દહિયાએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું તેમજ સિંચાઈ વિભાગ અને ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા થઈ રહેલા જળ સંચયના વિવિધ કાર્યોની રૂપરેખા આપતા કહ્યું હતું કે, આ જળ ઉત્સવથી જિલ્લામાં પ્રવાસનને વેગ મળશે અને જળસંગ્રહ માટે પ્રેરણા મળશે.

આ પ્રસંગે પ્રવાસન મંત્રી મૂળુભાઈ બેરા, વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, જે.વી. કાકડીયા, જનકભાઈ તળાવીયા, જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરિયા, જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવ, મુખ્ય ઈજનેર એચ.યુ. કલ્યાણી તેમજ ધોળકીયા ફાઉન્ડેશનના વિવિધ અગ્રણીઓ, અમરેલી જિલ્લા વહીવટી તંત્રના મુખ્ય અધિકારીઓ અને જિલ્લાના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મહત્વનું છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી, રાજય સરકાર તથા ધોળકિયા ફાઉન્ડેશનના ઉપક્રમે ગાગડિયો નદીના કાંઠે જળ સંરક્ષણના અનેકવિધ કાર્યો સંપન્ન થયા છે. જેને વધાવવા તથા પ્રવાસનને વેગ આપવાના હેતુસર અહીં ૨૫ નવેમ્બર સુધી 'જળ ઉત્સવ'નું આયોજન કરવામાં આવ્યું છે.


શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
- કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

આવતા તહેવારોના શુભ અવસરે વસાવો
''માઈલેજનો મહારથી''
ટુ-વ્હીલર
BAJAJ
CT 110
Platina 100
સર્વશ્રેષ્ઠ માઈલેજ
85* Per Liter
ન્યુનત્તમ મેન્ટેન્સ
રૂા. ૫,૯૯૯/- માં વસાવો
સરળ હપ્તે
પેટ્રોલના જુના કાંક વાળી મેથડ
વૃંદા ઓટો (બજાજ)
ગોપી સિનેમા સામે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૩૮૩૧ ૩૯૩૩૩

''શ્રી વલ્લભ'' Navnit
MARUTI SUZUKI ARENA
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ
તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
EECO
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો–રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

કાર ▪ બાઈક ▪ ટ્રેકટર ▪ ટ્રક ▪ બસ
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ,
વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર,
ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે
આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં
ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ તદ્દન મફત
3+3 years warranty
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જોઇએ છે
અમરેલી એક્સપ્રેસ કાર્યાલય માટે નીચેની જગ્યા માટે
નિમણુંક કરવાની હોય ઇચ્છુક વ્યકિતઓએ સંપર્ક કરવો.
કોમ્પ્યુટર ઓપરેટર......................૪
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય..............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨

Hero
Go BIG Go XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

એકદમ ક્રિસ્પી
ખાજલી
મોહનથાળ
ગુલાબ જાંબુ
ટોપરાપાક
લાડુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઇ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

**પ્રકરણ–૧૫૯**

**‘કેસે દીવાલી, મનાએ હમ લાલા ..અપના તો બારા મહિના દીવાલા’**

**ઈન્સાન કા ઈન્સાન સૌ હો ભાઈચારા ..યહી પૈગામ ...હમારા ..**

પ્રિય વાચક મિત્રો,

સંવંત ૨૦૮૦ ની હાર્દિક શુભ કામનાઓ સાથે... આજના ફિલ્મના ગીતોની પંકતી આ તે ફિલ્મ ના આજે ચોસઠ વર્ષ બાદ પણ ભારતના સામાન્ય માનવી માટે યથાર્થ સાબિત થઈ રહી છે,

૧૯૫૯ ના સમયમાં ગરીબ વર્ગ દિવાળી જેવા તહેવારો આવે ત્યારે ઘરના તમામ સભ્યોની ખુશી કઈ રીતે પૂરી કરવી તે વિચારતો હતો, પણ તે સમયે ભાઈ ભાઈની મદદે આવતો હતો, અરે, પડોસી હોય કે મિત્ર કે કોઈપણ જાણ્યું અંજાણ્યું માનવી ગરીબ હોવાથી દુખી હોય તો તેને તહેવાર ઊજવતાં પેહલા મદદ કરવામાં આવતી, તહેવારોની ખુશી ગરીબના ઘર સુધી પહોચી જતી હતી, અને આજે તહેવારો એક દેખા દેખીનો ખેલ થઈ ગયો છે, શહેર હોય કે ગામડું, દિપાવલી જેવા વર્ષે એકવાર આવતા તહેવારોમાં ગરીબ કે સામાન્ય માનવી તેના પરિવારના સભ્યોને ખુશી આપવા સમર્થ નથી. મોંઘવારી અને દેખા દેખીના આ યુગમાં સમાજનો એક વર્ગ જેટલી રકમ માં ફટાકડા ફોડી નાખે છે, તેના પચીસ ટકા ખર્ચમાં સામાન્ય માનવી કે ગરીબ વર્ગ દિવાળીના તહેવારો ઉજવવાનું નાટક કરે છે હા.નાટક કરે છે, કારણ કે તે ગરીબ વર્ગના પરિવારના કોઈ




પણ સભ્યને તે ઉત્સાહ નથી હોતો જે તહેવારનો દેખાડો તેના થી વધુ કમાઈ કરનાર તેના પડોસી, કે મિત્ર, કે સગા સંબંધી કરી રહ્યા છે. ભારતમાં છેલ્લા ઘણા વર્ષોથી અમીર અને ગરીબ, મધ્યમ વર્ગ અને ઉચ્ચ મધ્યમ વર્ગ જેવા ફાટા પડી ગયા છે, અમુક ગરીબો માટે આ તહેવારોમાં રજા રેહવાથી બીજાદિવસનો ગુજારો કેમ થશે ? તેની ચિંતા છે, અને મોંઘવારીએ મધ્યમવર્ગ અને ગરીબોની કમર તોડી નાખી છે, ત્યારે તે વર્ગના મુખે થી આજેપણ આજ શબ્દો મો માથી બહાર આવ્યા સિવાય હૃદયામાં જ સમાઈ જાય છે કે, ‘કેસે દિવાળી મનાએ હમ ... અપના તો બારા મહિના દીવાલા ‘વર્ષના બાર મહિનાની વધતી મોંઘવારી, શિક્ષણ, મોબાઈલ, અને દવાખાનાના ખર્ચ ની સાથે દેખા દેખી થી પીડાતો મધ્યમ વર્ગ હમેશા દીવાળું ફૂકતો જોવા મળે છે .

ઈન્સાન ક ઈન્સાન સે હો ભાઈચારા યહી પૈગામ ..ના ગીત ના શબ્દો જો સાર્થક થાય તો અમીર અને ગરીબ અને મધ્યમ વર્ગ અને ઉચ્ચ મધ્યમ વર્ગ નો ભેદભાવ દૂર થાય તેવી ઈશ્વરને ૨૦૮૦ ના પ્રારંભે પ્રાથના કરીયે, કે નવું વર્ષ ભારતના તમામ લોકો માટે ઉત્સાહ જનક સાબિત થાય,

## ફિલ્મી સફર

(એક ઈતિહાસ)

**હિતેશ જોશી : ૯૪૨૭૭ ૩૦૫૦૬**

મોંઘવારી, બ્રષ્ટાચાર, લાંચ, ગુંડા ગર્દી, જાત પાત જેવા અસંખ્ય દૂષણો દૂર થાય અને ભારત એક રામ રાજય બને તેજ શુભ કામનાઓ સાથે ૧૯૫૯ ના બીજા નંબરની સુપર હિટ ફિલ્મની વાત કરીયે.

પૈગામ – જેમીની પ્રોડકશન એટલે કે તામિલ નાડુ મદ્રાસના એસ.એસ. વાસનના હોમે પ્રોડકશનમાં આ ફિલ્મ બની હતી. નાગિ રેડીના નિર્માણ અને એસ.એસ.વાસનના નિર્દેશન અને, પી.ઈલલપાની સિનેમા ઓટો ગ્રાફી, રામાનંદ સાગરની કહાની અને સંવાદ, કવિ પર્દિપના ગીતો અને સી. રામચંદ્રાના મધુર સંગીત સાથે મન્ના ડે, આશાજી, રફી સાહેબ, ના મધુર સ્વર સાથે આ ફિલ્મમાં લોકપ્રિય જોડી દિલિપ કુમાર, અને વૈજયંતી માલા, સાથે રાજ કુમાર, પંઢરી બાઈ, બી સરોજા દેવી, જહોની વોકર, મીનું મુમતાઝ, વસુંધરા દેવી, એસ.એન.બેનર્જી, શિવરાજ, ઈશ્વરલાલ, રાધા, અને મોતીલાલથી અભિનીત આ ફિલ્મ ૧૯૫૯ના વર્ષની બીજા નંબરની સફળ ફિલ્મ રહી. દિલિપકુમાર એટલે સફળતાની ગેરંટી, તેવું તે સમયે કહવાતું હતું અને તે યોગ્ય પણ હતું.

ફિલ્મની કથા ટૂંક માં જોઈ તો, વૈજયંતી શહેર માં તેની માતા વસુંધરા સાથે રહે છે, જેના પિતાની તેને માહિતી નથી, વૈજયંતી એક ગરીબ પણ સારા સંસ્કાર ધરાવતી યુવતી અભ્યાસમાં અવવ્લ નંબરે આવે છે, તેની સહેલી બી.સરોજા એટ્લે કે માલતી એક અમીર પિતા મોતીલાલ ની અલ્લડ લાડકી પુત્રી છે, જે વૈજયંતીને તેના પિતાની મિલમાં નોકરીની બાહેધરી આપીને પૂર્ણ કરે છે. વૈજયંતીની માતા માલતીના પિતાને ત્યાં વૈજયંતી નોકરી કરે તે પસંદ કરતી નથી, પણ પુત્રી સામે લાચાર થઈ તે વાતે માની જાય છે, વૈજયંતીની મુલાકાત એક શિક્ષિત પણ રોજગારી માટે રિક્ષા ચલાવતા નવ યુવાન દિલિપ સાથે થાય છે, જે તેને મદદ રૂપ થયેલ છે. દિલિપ પણ અભ્યાસ પૂર્ણ કરી તેના ગામ જાય છે, જયાં વૈજયંતી પણ આવી રહી છે. દિલિપ અને રાજ બન્ને ભાઈઓ તેની માતા, અને રાજના પરિવાર સાથે સુખીથી જીવન જીવી રહ્યા છે , બન્ને ભાઈઓ રામ લક્ષ્મણની જોડી જેવો ભાવ રાખે છે. રાજ પણ તે શહેર ની મોતીલાલ ની મિલ માં નોકરી કરે છે,




એક દિવસ મિલ માં મસીનો ખરાબ થાય છે, અને દિલિપ તેને ઠીક કરી મિલ ફરી શરૂ કરે છે, દિલિપ ને મિલ માં નોકરી મળી જાય છે, વૈજયંતી પણ તેજ મિલ માં માલતી ની ભલામણ થી નોકરી મેળવે છે, સાથે સાથે દિલિપનો પ્રેમ પણ મેળવે છે, પણ માલતી દિલિપને મનોમન ચાહે છે. એક દિવસ મિલ માં એક અકસ્માત થાય છે, અને મજૂરને રૂપિયાના દેવા પડે તે માટે તે આત્મ હત્યાનો પ્રયાસ કરેલ તેવું મોતીલાલ લખાવી લે છે, જે દિલિપને ખ્યાલ આવતા તે મિલ માં મજૂરોનું યુનિયન બનાવી મજૂરો ના હક માટે શેઠ મોતીલાલ સામે લડત કરે છે. માલતી ને વૈજયંતી અને દિલિપના પ્રેમનો ખ્યાલ આવતા તે વૈજયંતી ને નોકરી થી રજા આપી દે છે, તેના પિતા વૈજયંતી આ મજૂરોની લડતમાં સામેલ છે જાણી તેના ઘરે જાય છે, ત્યારે વૈજયંતીની માતા ને જોઈ પરત આવી જાય છે, વૈજયંતીને તેની માતા તે મોતીલાલ ની પુત્રી છે, કહી તેની સાબિતી માટે તેના અને મોતીલાલ ના લગ્નનો ફોટો આપી આ દુનિયા છોડી દે છે.

મિલની હડતાલ દિલિપ અને રાજ વચ્ચે પણ દુશ્મની ઊભી કરે છે, પોતાના તથા મજૂરોના હક માટે વૈજયંતી મોતીલાલ ને મળે છે, પણ તે તેને હડધૂત કરે છે, બદલા ની ભાવના માં તે મિલને આગ લગાડવા જાય છે, પણ દિલિપ તેને તેમ કરતાં રોકે છે, પણ આગ લગાડવાનો આરોપ દિલિપ પર આવે છે. પણ અંતે માલતી ને સત્યની જાણ થતાં તે અદાલતમાં વૈજયંતીને તેની બહેન અને મોતીલાલની પુત્રી જાહેર કરે છે, દિલિપ નિર્દોષ સાબિત થાય છે, પાશ્વયાતપમાં મોતીલાલને દિલિપ આત્મ હત્યા કરતાં બચાવી, વૈજયંતી અને મજૂરો ના હક અપાવે છે, રાજ અને દિલિપ વચ્ચે મનદુખ દૂર થાય છે, અને ખુશી થી તેઓ દિલિપ આંબે વૈજયંતીને સ્વીકારે છે.

આજે આ કહાની થોડી જૂની લાગે પણ તે સમયે આ કહાની બિલકુલ નવી હતી. મહત્વ ની વાત આ ફિલ્મની એ છે કે આ ફિલ્મમાં રાજ કુમારે દિલિપ કુમારના મોટા ભાઈનું પાત્ર ભજવેલ છે, રાજકુમાર તેમના અલ્લડ સ્વભાવથી હિન્દી સિનેમામાં ધીમે ધીમે બદનામ કહો કે પ્રખ્યાત થઈ રહ્યા હતા, ફિલ્મમાં તેમના પાત્ર ને દિલિપ કરતાં ઓછું મહત્વ આપવા માં આવ્યું છે, તેવું તેમને લાગતું જ હતું , અને દિલિપ તેમના અલ્લડ સ્વભાવથી પરેશાન પણ હતા, તેમાં એક દ્રશ્યમાં રાજ દિલિપને એક થપ્પડ મારે છે, તેવું દ્રશ્ય હતું, જેમાં રાજ કુમારે અભિનયના કરતાં સાચેજ દિલિપકુમારને થપ્પડ મારી દીધી હતી, જે દિલિપને પસંદ ના પડયું, અને ડિલિપે રાજ સાથે ફિલ્મ કદીના કરવાનો નિર્ણય કર્યો. જે ૩૧ વર્ષ બાદ સુભાષ ધાઈએ બદલ્યો જેની વાત આગળ કરીશું. આ ફિલ્મમાં લતાજીનું એક પણ ગીત નથી તેનું કારણ લતાજી તે સમયે હિન્દી સિનેમાના નિર્માતા નિર્દેશકો સામે ગાયકોની રોયલટી બાબતે લડાયક મૂડમાં હતા, અને તેમાં તેમની જીત પણ થઈ હતી, પણ આ લડાઈમાં રફી સાહેબે લતાજીને સહકાર આપ્યો ના હતો, અને લતાજી એ તે બાબતને લઈ રફી સાહેબ સાથે કદી ગીતના ગાવાનો નિર્ણય કર્યો હતો, જેથી રફી સાહેબ સાથે આશાજીનો સ્વર અપાયો છે, આમ જોઈ તો લતાજી ની આ ઝીદનો સીધો ફાયદો આશાજીને થયો હતો. આજ સુધી મુખ્ય નાયિકા માટે લતાજીના સ્વરનો જ ઉપયોગ થતો હતો, પણ રફી સાહેબ સાથે ના અણ બનાવથી મુખ્ય નાયિકા માટે આશાજીનો સ્વર લેવો જરૂરી થઈ ગયો હતો, કારણ કે તે સમયે તે બન્ને સિવાય લોકપ્રિય અન્ય ગાયિકા આ ઓછી હતી. મુખ્ય નાયિકા આ આશાજીના સ્વરનો ઉપયોગ ઓછો કરતી પણ હવે તે યુગલ ગીતો માટે આશાજી પર જ નિર્ભર હતી. આવી ફિલ્મી દુનિયાની બીજી વાતો સાથે આગામી અંકમાં રાજકપૂરની સફળ ફિલ્મો સાથે મળીશું. **આભાર.**

# અસ્વસ્થ જીવનશૈલી (Life Style Deases)

**ડાયાબીટીઝ મટી શકે ? (Revarsal of Diabetes)**

હું અગાઉ ડાયાબીટીઝની લેખમાળામાં વારંવારએ વાતનો ઉલ્લેખ કરી ચૂકયો છૂ કે ડાયાબીટીઝ એ ઝડમૂળથી કયારેયનો મટે, આયુર્વેદમાં પણ ડાયાબીટીઝ (મધુપ્રમેહ)ને યાપ્ય રોગ શ્રેણીમાં ઉલ્લેખ કરેલ છે યાપ્ય એટલે જયાં સુધી તમે નિયમીત દવા અને તે રોગને અનુરૂપ પરેજી પાળો તમારો રોગ તમારા કંટ્રોલમાં રહે પણ સાવનો મટે આધુનીકમાં પણ ડાયાબીટીઝને કંટ્રોલેબલ ડીસીઝ તરીકે ગણ્યો છે.

નવું વિક્રમ સવંત ૨૦૮૦નું વર્ષ ડાયાબીટીઝના દર્દીઓ માટે એક આશાનું કીરણ લઈને આવ્યું છે કે જેઓ એ માની લીધું હતું કે ડાયાબીટીઝ હવે થઈ ગયા પછી તેની સાથે જીવન ભર રહેશે.


ગઈકાલે તા.૧૬/૧૧/૨૦૨૩ના રોજ મારી પાસે ૦૨/૦૩/૨૦૨૩થી નીયમીત દવા લેવા આવતા એક દર્દીની વાત મારે કરવી છે

રાઈબાઈબેન રાવતભાઈ ગરણીયા, ઉમર ૫૧–વર્ષ, ગામ ખારા, તા. લીલીયા , જી.અમરેલી

રાઈબાઈબેન મારી પાસે પહેલી વાર ૦૨/૦૩/૨૦૨૩ના રોજ ડાયાબીટીઝની સારવાર માટે આવેલા, તેમના કોઈ સગાએ તેમને કહેલું કે ડો.મહેતા ડાયાબીટીઝની દેશી (આયુર્વેદ ) સારવાર ખૂબ સારી કરે છે એટલે તેમને તમે બતાવો.બેન જયારે પહેલીવાર મારી પાસે આવ્યા ત્યારે તેમને ડો.ધાખડાની ડાયાબીટીઝની સારવાર ચાલુ હતી, બેને આવીને પહેલા જ મને એવું કહ્યું કે સાબ મારે ડાયાબીટીઝની આવી ગરમ દવાઓ (એલોપેથી દવા) નથી લેવી તમે મને દેશી દવા આપો, આ વિલાયતી દવાથી મને બહુ નબળાઈ આવી જાય છે, મોટા ભાગના લોકો એલોપેથી દવા ગરમ પડે અને એનાથી નબળાઈ આવી જાય આવી બીકે જ અમારી પાસે આયુર્વેદ દવા લેવા આવતા હોય છે અને ડીગ્રીવગરના આયુર્વેદ દવાના નામે પોતાની જાતને ડોકટર કહેવાનારા ઉઘાડપગા લોકો તરત આવા લોકોના જીવની સાથે રમત રમી તેમને જરૂરી હોય એવી એલોપેથી દવાઓ બંધ કરાવી પોતાના ફાયદા માટે દેશી દવાઓ શરૂ કરાવતા હોય છે.

અમારી પાસે જયારે આવા લાઈફ સ્ટાઈલ ડીસીઝ (ડાયાબીટીઝ, હાઈપરટેન્શન, કોલેસ્ટોરોલ ) માટે લોકો એલોપેથી દવાની બીકે આયુર્વેદ દવા લેવા આવતા હોય છે ત્યારે પ્રથમ અમે તેમને એ જ સમજાવી છીએ કે તમે આ એલોપેથી દવા તમારા માટે ખૂબ જરૂરી છે એ બંધનો કરો અને સાથે આયુર્વેદ દવાઓ લો જેથી એલોપેથીની દવા તમને જે ગરમ પડવાની બીક છે તેવું નહી થાય.

આવું જ મે રાઈબાઈબેનને સમજાવ્યું કે તમને ડો.ધાખડા સાહેબે જે દવા આપી છે એ તમારા માટે લેવી ખૂબ જરૂરી છે એ વખતે દવાઓ લેવા છતા તેમનું એવરેજ ડાયાબીટીઝ ૩૨૬ (HBA1C-13 આ Hba1c રીપોર્ટ થી છેલ્લા ત્રણ મહીના માં એવરેજ કેટલું ડાયાબીટીઝ રહ્યું છે તે જાણી શકાય છે) આવતું હતું હું સાથે દેશી દવા આપું છું તે લો પણ ડો.ધાખડા ની દવા ચાલુ રાખો, પણ રાઈબાઈબેન મક્કમ હતા, મને કે સાબ ગમે તે થાય મારે આ વિલાયતી દવા નથી લેવી તમે મને જે પરેજી કહેશો એ બધુ હું કરીશ, મે બેનને સમજાયવ્યૂ કે તમે અત્યારે ડો.ધાખડાની દવા ચાલૂ રાખો અને સાથે હું જે આયુર્વેદ દવા આપું છુ તે પણ લો અને પરેજી માટે મે તેમને વિગતવાર કયારે ? શું ? અને કેટલું ખાવું ? તે બરાબર સમજાવ્યું અને સાથે રોજ ઘરકામ ઉપરાત એક કલાક નિયમીત ચાલવાનું સમજાવ્યું અને કહ્યું કે બે મહીના પછી આપણે રીપોર્ટ કરાવશુ જો રીપોર્ટ તમારો સારો આવશે તો આપણે એલોપેથી દવા ઓછી કરી નાખીશું, બે મહીના પછી તા.૦૯/૦૫/૨૦૨૩ના રોજ બતાવવા આવ્યા ત્યારે મે તેમનો રીપોર્ટ કરાવ્યો, અને મારા આશ્વર્ય વચ્ચે તેમનું એવરેજ ડાયાબીટીઝ ૧૦૨ (Hba1c 5.2) આવ્યું, મે રાઈબાઈબેન ને તમે શું પરેજી રાખો છો તે પુછ્યું ? તેમના દીકરા એ કહ્યું સાબ એમને તમે કીધા પછી કયારેય તળેલું કે ગળ્યું ખાધું જ નથી અને તમે એક કલાકનું કીધું છે પણ એ આખો દીવસ નવરા થાય એટલે હાલ્યાં હાલ જ કરે છે, મને રાઈબાઈબેન ઉપર વિશ્વાસ બેઠો કે તે બરાબર પરેજી પાળ ી શકશે એટલે એક એલોપેથી દવા બંધ કરાવી અને એક મહીના પછી બતાવવા નું કહ્યું, એક મહીના પછી આવ્યા એટલે ફરીથી પરેજી વિશે પુછયું મને કહે સાબ તમે કીધું છે એમ જ કરીએ છીએ, મે ફરીથી એક જ એલોપેથી દવા હતી તે પણ અડધી કરાવી અને બે મહીના પછી



**ડો. ભાવેશ કે. મહેતા**
**અમરેલી**

આવવાનું કહ્યું, બે મહીના પછી તા.૦૯/૦૮/૨૦૨૩ રીપોર્ટ કરાવ્યો અને એવરેજ ડાયાબીટીઝ ૧૭૭ (Hba1c 7.8) આવ્યું, હું ખૂબ ખીજાણો મે કહ્યું તમે એલોપથી દવા પહેલા લેતા હતા એટલી જ લેવા માંડો, રાઈબાઈબેન મને કહે સાબ એકવાર મને મોકો આપો હું આ વખતે પરેજીમાં કાઈ ફેરફાર નહી કરૂ, આ બે મહીના માં હું ખાવામાં બહુ ધ્યાન નોતી રાખતી અને હાલવાનું ય મૂકી દીધું તું ( મોટાભાગના લાઈફ સ્ટાઈલ ડીસીઝ ના દર્દીઓમાં અમે આ જોયું છે કે શરૂઆત માં રોગ અને દવાની બીકે બધી પરેજી પાળે પછી ધીમે ધીમે બધુ છૂટવા માંડે, એટલે જ અમે એલોપેથી દવા આ ચાલુ રાખવાનું કહેતા હોય છે ) હવે ના ત્રણ મહીના પછી જો રીપોર્ટ બરાબર નહી આવે તો હું તમે કહેશો એ દવા લઈશ,ગઈકાલે તા.૧૬/૧૧/૨૦૨૩ના રોજ પાછા આવ્યા, મે રીપોર્ટ કરાવ્યો અને મારા આશ્વર્ય વચ્ચે તેમનું એવરેજ ડાયાબીટીઝ ૮૮ (Hba1c 4.7) આવ્યું. હું ખૂબ ખુશ થઈ ગયો અને મને ખુશ જોઈ રાઈબાઈબેન ખૂબ ખુશ થયા અને રોવા માંડયા મે કહ્યું કેમ રોવો છો ? તેમના દીકરાએ કહ્યું સાબ ગઈ વખતે ડાયાબીટીઝ વધારે આવ્યું અને તમે ખીજાણાં ત્યારે ઘરે આવી મારી બા એ કહ્યાં કે સાબની મારી આટલી બધી ચીંતા છે તો મારે હવે એવું કરવું છે કે આ વખતે જાયે ત્યારે સાબ ખૂબ ખુશ થાવા જોઈએ આવા દાક્તર મે નથી જોયા કે દર્દી માટે આટલી બધી ચીંતા કરે એટલે આ વખતે દીવાળી ગઈ તોય બાએ એક મીઠાઈ કે ફરસાણ ને હાથે ય નથી અડાડ્યો અને બેસતા વર્ષના દીવસે પણ ૨ કલાક ચાલ્યા છે, રાઈબાઈબેને મે પુછયું કે તમે આટલું બધુ ખાવાનું કંટ્રોલ કેવી રીતે કરી શકયા ? એણે જે વાત મને કરી એ ડાયાબીટીઝના બધા દર્દીએ અમલમાં મૂકવાની જરૂર છે, મને કે સાબ મને એટલું સમજાણુ છે કે ડાયાબીટીઝ માં તમારે જ તમારા ડોકટર બની જાવું પડે, દાક્તર બીચારા આપણને પરેજીને બધુ સમજાવે પણ આપણે જ જો ધ્યાનનો રાખીએ તો દાક્તર શું કરે ?

આ વાત ગઈકાલે બનીને મારો દીકરો ડો.મીત (એમ.ડી. બીજું વર્ષ ) આજે જ અમદાવાદથી આવ્યો અને મે વાત કરી કે બેટા એક પેશન્ટનો આવો રીપોર્ટ આવ્યો તો શું ખરેખર ડાયાબીટીઝ મટી શકે ?

મને કહે પપ્પા હમણાં જ તા.૦૫/૧૧/૨૦૨૩ ના રોજ હોટલ હયાત – અમદાવાદમાં અમારી ડાયાબીટીઝની કોન્ફરન્સ હતી તેમાં આખા દેશમાથી ડાયાબીટીઝના નિષ્ણાતો આવ્યા હતા તેઓએ એ વાત કરી કે અમેરીકન ડાયાબીટીઝ એસોશીએશને જાહેર કર્યુ છે કે નવા સશોધનો મુજબ જો કોઈ ડાયાબીટીઝના દર્દીનુ ડાયાબીટીઝ એક વર્ષ સુધી Hba1c 5.6 થી નીચું આવે તો એ દર્દી ડાયાબીટીઝ(Revarsal of Diabetes) થી સંપૂર્ણ મુક્ત થયો છે તેવું કહી શકાય.

**મર્મ સ્થાન :** ડાયાબીટીઝ એક લાઈફ સ્ટાઈલ ડીસીઝ છે અને તમારે જો ડાયાબીટીઝ થી મુક્ત થવું હશે તો તમારે તમારી લાઈફ સ્ટાઈલમાં સંપૂર્ણ ચેન્જ લાવવો પડશે અને તો જ ડાયાબીટીઝ મુક્ત ભારતનું સપનું સાકાર થશે, રાઈયાબાઈબેન જેવો જ ફાયદો ડો.એસ.આર.દવેને થયો છે જે પહેલા ઈન્સ્યુલીન પર હતા જેનો ઉલ્લેખ અગાઉના લેખમાં કર્યો છે અને છેલ્લા ત્રણ મહીના થી ડો.સ્નેહલ ભાઈ પંડયાએ તેને સંપૂર્ણ દવાઓ બંધ કરવી દીધી છે

**મર્મ બિંદુ:** કદમ અસ્થીર હોય તેને રસ્તો નથી જડતો, અડગ મનના માનવીને હીમાલય પણ નથી નડતો, જો ડાયાબીટીઝમાથી મૂકતી મેળવવી હશે તો મન પર કંટ્રોલ ખૂબ જરૂરી છે.**નોધ :** રાઈબાઈ બેનના રીપોર્ટ સામેલ છે.




# આજના સમયની માંગ – ‘સમય’

આજના સમયની અતિ આવશ્યક માંગ એટલે સમય આજે માંગવાથી રૂપિયા, પૈસા, સુખ, સગવડ બધુ મળી જાય છે. પણ માણસને માણસનો સમય મળવો ખૂબ મુશ્કેલ છે. જે સ્નેહી માટે જ આપણે રાત દિવસ જોયા વગર મહેનત કરીએ છીએ એ જ સ્નેહીને સમય આપવાનું ચૂકી જઈએ છીએ. અને એ નહીં આપી શકેલા સમયના પરિણામ સ્વરૂપ કેટલાય રોગ કે બીમારી તનાવ, ચિંતા, ડિપ્રેશન શરીર પર સત્તા જમાવે છે. આ સમયમાં કોઈ વ્યક્તિ એવી નથી જેને કોઈ સમસ્યા નથી. દરેકને પોતપોતાની સમસ્યાઓ છે જ. પછી તે સ્ત્રી હોય, પુરૂષો,વૃદ્ધ, યુવાન હોય કે બાળક દરેક પોતપોતાનો સંઘર્ષ કરે છે. અને દરેક વ્યક્તિ કોઈને કોઈ વેદના કે વ્યથાના વલોપાતમાં વીંટળાયેલો છે. ત્યારે એને વ્યક્ત કરવા,પોતાનું દર્દ ઠાલવવા, હૈયું હળવું કરવા એવા એક સંબંધ કે વ્યક્તિની તલાશ રહે છે કે જયાં તે જજ થવાના સંકોચ વગર સંપૂર્ણ પારદર્શિતા સાથે વ્યક્ત અને અભિવ્યક્ત થઈ શકે. દરેક માણસને ખબર જ હોય છે તેની મુસીબતો એની જ છે. પણ બસ એ હૃદયનો ભાર કયાં કોઈ સામે વ્યક્ત થઈ જાય તો તે થોડો હળવો બની શકે. એ કારણસર દરેક વ્યક્તિને જીવનમાં એક એવો ’અડધી રાતના હોંકારા‘ જેવો સંબંધ જોઈએ છે. જે તેને તનાવ મુક્ત કરી શકે. જેની સાથે વાત કરવાથી તેની સમસ્યાઓ ટળે તો નહીં પણ તેની સામે ટકી રહેવાની હિંમત મળે. પરિસ્થિતિ સામે લડવા માટે તૈયાર થવાય હારીને નાસીપાસ ન થઈ જવાય. તેથી આવો એક સંબંધ દરેક પાસે હોવો જોઈએ. જયાં વાત કરતા વિચારવું ન પડે, સમસ્યા શેર કરતાં સંકોચ ના થાય.અને આવી એક વ્યક્તિ કે એક સંબંધ પણ જેની પાસે હોય છે તે ગમે તેવા દુઃખમાં જલ્દી હારતો નથી. અને તનાવ મુક્ત જિંદગી જીવી શકે છે.

આજકાલ બદલાતા સમયની સાથે ઘણું બધું બદલાયું છે. નાની વયે બીમારીઓ માણસને ઘેરે છે ડિપ્રેશન, બ્લડપ્રેશર, ડાયાબિટીસ, ઓબેસિટી, અને

**અનુભૂતિનાં અક્ષરો**



**- નિધિ મહેતા ‘ખુશી’ અમદાવાદ**

હાર્ટએટેક જેવા એક સમયે માત્ર ૫૦ની વય પછી મોટાભાગે સંભળ ાતા શબ્દો આજકાલ યુવાનોમાં વિસ્તરી રહ્યા છે. આપણી આસપાસ તાજેતરમાં જ ઘણા અચાનક ઢળી પડવાના કારણે એટેક સાબિત થઈ મૃત્યુ પામ્યાના કિસ્સા પ્રકાશમાં આવે છે. ત્યારે આવા સડન કાર્ડિયાક એટેકમાં એક કારણ સ્ટ્રેસફૂલ લાઈફ પણ બને છે. વધુ પડતો સ્ટ્રેસ પણ આવા કોઈ પણ રોગને આમંત્રણ આપવાનું કારણ બને છે. ત્યારે આપણા જીવનને સુરક્ષિત રાખવા એક આવો સહજ સંબંધ વિકસાવો જોઈએ.

મિત્રો બનાવવા અને એવા અંગત સંબંધ કે વ્યક્તિ પાસે અભિવ્યક્ત થતા રહેવાથી મન હળ વું રહે છે. વળી કયાંક સાંભળેલું એક વાકય છે કે, ‘દોસ્તો પાસે દિલ ખોલશો તો ડોકટર પાસે નહીં ખોલાવવું પડે.

જો કે આ બધી વાત તો સાચી પણ ખરેખર દરેક વ્યક્તિને આવો એક સંબંધ પણ મળે છે ખરો ? આજે આ ટેકનોલોજીના અતિઝડપી યુગમાં માણસ ખૂબ વિસ્તરતો રહે છે. તે હજારો નવા સંપર્ક બનાવે, હજારો લાખોની ભીડમાં રહે, છતાં તે એકલો હોય છે. આપણા મોબાઈલમાં કદાચ હજાર ,બે હજાર, પાંચ હજાર કોન્ટેક સેવ હશે. પણ જયારે આપણે લો ફિલ કરતા હોઈએ ત્યારે એમાંથી કયો નંબર ડાયલ કરી શકાય છે ? કોને આપણા મનની હાલત વર્ણવી શકીએ છીએ ? છે કોઈ આવી વ્યક્તિ કે આવો કોન્ટેક આટલા મોટા લિસ્ટમાં તો સૌ પહેલા એને શોધો. આજીવન આવી એક વ્યક્તિ કે સંબંધની તલાશમાં ભટકીને પણ ઘણાને નથી મળતો. એવી એક વ્યક્તિ નથી મળ તી જે દુઃખમાં દિલાસો આપી શકે, પોતાની પીડાઓને સાંભળીને સમજી શકે, અને એના હૃદયનો ભાર હળવો કરી શકે. ઘણી વખત આવી વ્યક્તિ મળતી જ નથી કા તો બહુ મોડી મળ ે છે.

આખી જિંદગી જેને સાંભળનારૂ કોઈ ન મળ્યું હોય એની નનામી પર લોકો રડી રડીને બોલાવવા મથે છે. જીવતા કોઈને આવો સ્નેહભર્યો સમય આપણે નથી આપી શકતા. ખરેખર જો આવો સમયને સંબંધ દરેક વ્યક્તિ પાસે હોય તો જીવન આસાન બને, શ્વાસનો ભાર ન લાગે, મુસીબતો તમને તોડી ન નાખે, પરિસ્થિતિઓ ડરાવે નહીં, અને હૃદયની વ્યથા હરાવે નહીં. પણ આવી વ્યક્તિ કે સંબંધ મળવો મુશ્કેલ છે. પણ શોધવો પડે અને તો કદાચ ઘણા હૃદયના બોજ ઉતરી જાય. અને હળવા થઈને હરી ફરી શકાય. તો હળવા રહી જીવવા માટે આપણે પણ એક એવી વ્યક્તિ શોધીએ અને બીજા માટે એવી જ વ્યક્તિ આપણે પણ બનીએ.

કેમકે સુખને સમૃદ્ધિ શેર કરવાના તો ઘણા સંબંધ બનશે. એક વ્યથાઓ વહેચી શકાય એવો પણ સંબંધ કેળવીએ. આ સમયની માંગ અને અનુસરી આવા સંબંધને કવોલિટી ટાઈમ આપીએ. એટલે આવા સંબંધને આપણે આપણો સમય આપીએ અને એનો માંગીએ. અને હૃદય હળવું કરી સ્વસ્થ નિરોગી અને તંદુરસ્ત જીવન જીવીએ.

**‘દોસ્તોને દિલ દેખાડો તો, દાકરને નહી દેખાડવું પડે‘.**

# ઈશ્વરે પણ જયાં માંગવું પડે એ બાપા જલારામ છે

ઈશ્વરે પણ જયાં માંગવુ પડે એ બાપા જલારામ છે

પરીક્ષા કરવામાં ભાગવું પડે એ બાપા જલારામ છે

રામ ભકત જલારામના નામે પણ પથરા હજુંય તરે છે

પ્રભુને ય જેનું પ્રાણ રાખવું પડે એ બાપા જલારામ છે

આજીવન કર્યુ માત્ર ભજન, બીજાને ભોજન ને સેવા

દાનને પાછું ફરવું પડે એ અચાચક બાપા જલારામ છે

દેશ,ધર્મ,નાત જાતનાં કયાં છે કોઈ લેખાં વીરપુરને ત્યાં


વિદેશીઓને ય દર્શને આવવું પડે તે બાપા જલારામ છે

એક છે માં સીતા જેની તોલે રામ ભગવાન ય ન આવે

સતી વિરબાઈમાં માં ય માનવું પડે તે બાપા જલારમ છે

પ્રભુકૃપાથી પ્રભુભકતનાં ધામ છે ગામો ગામ–દેશ વિદેશ

ખીચડીમાં આંગળી ચાટવું પડે એ બાપા જલારામ છે




પરચા આજેય સતત અપરંપાર પુરે જ છે. દિનદુઃખીનાં લાકડી પાઘડીનું કાળે માનવું પડે એ બાપા જલારામ છે

**– મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# રામરૂપ ગુણ શીલ સુમાઉ, પ્રભુદ્રિત દ્રોહિ દ્રેખિ મુનિ રાઉ ।

ભલે ભોગ લું કષ્ટ સંબોકે,
હો ઉનકે દુખોંકા નાશ.

મુંબઈથી બાપુજીના કહેવાથી તેમજ હવે બીજો કોઈ ઉપાય ન હોવાથી બનેવી અને તેમનાં બા મારા બાપુજી સાથે ઝરીયા ભગવાનનાં દર્શન માટે ગયા. ભગવાન ત્યારે રાંચીમાં બિરાજતા હતા. પરંતુ તેઓને ઝરીયાનો ખ્યાલ હતો. બનેવીની તબિયત નાજુક હોવાથી ત્યાંથી રાંચી લઈ જવા મુશ્કેલ હતા. ઝરીયાથી ભગવાનને ફોન કરી જણાવ્યું તો જવાબ મળ્યો. 'તુમ નહી આના મૈ આ રહા હૂં. 'ભગવાન કૃપા કરી કષ્ટ સહન કરીને એક જીવનાં કલ્યાણ માટે ઝરીયા પધાર્યા.જીવ હારી જાય ત્યારે ભાવે કુભાવે બધુ કરવા તૈયાર થાય છે.

બનેવીએ બાપુજીના કહયા પ્રમાણે ભગવાનને પ્રણામ કર્યા તેમજ પોતાનાં હાથે પુજન કર્યુ. ચરણામૃત લીધું અને કોઈ દિવસ ન માનનાર કે ન બોલનાર જીવે રામનામનો જાપ ચાલુ કરી દીધો.

શઠ સુધરહિ સત સંગતિ પાઈ, પારસ પરસિ કુધાતું સુહાઈ.

ભગવાને બાપુજીને કહી દીધેલું કે, 'કાન્તા કો સમ્હાલનાં પડેગા.'' બીજુ કાંઈ થઈ શકે તેમ ન હતું. પરંતુ બાપુજીની એક જ ભાવનાં હતી. કે અંત સમયે જીવનું કલ્યાણ થાય. કારણ માનસજીના આધરે ભગવાનના શ્રીમુખના શબ્દો છે.

સન્મુખ હોય જીવ મોહિ જબહીં, જન્મકોટિ અધ નાશૌ. તબહી.

બાપુજી બનેવીને લઈ મુંબઈ ગયા. ભગવાન પાછા રાંચી પધાર્યા ત્યાંથી પત્ર લખ્યો.


શ્રી રામચંદ્રાય નમઃ
રાંચી
૨૭-૮-૬૪

પ્રિય રમા સાદર આસીસ,
મેરે સબ પત્ર મિલે હોગે.
મેરા સ્વાસ્થ ઠીક હૈ. પર ચિન્તાએ ખુબ રહતી હૈ દેખો તુમ ખુબ ભજન કરના ઔર આનન્દસે રહના હિમ્મતલાલકે સ્વાસ્થકી ખબર દેના.
રામ રાજ અભિચેક હિત, વેગિ કરહું સોઈ સોઈ ।
જો કિ નિરાશા હૈ ફિર ભી ભગવાન કો કોઈ અશકય નહીં મૈ ૩૦ તક ઈહા હું બાદ બાંસરા જાઉંગા ૨૦ દિન રહુંગા. તુમ ધીરજ રખના ઔર ભજન કરના સબકો આસીસ.
રણછોડદાસકા આસીસ

ખરેખર ભગવાનનાં કહયા પ્રમાણે જ થયું. મુંબઈ પહોંચી અઠવાડિયામાં હિંમતલાલનો દેહ છુટી ગયો. પરંતુ રામનામ અંત સુધી ચાલુ રહયું. તેમનાં સંબંધીઓ તો બાપુજીને કહેવા લાગ્યા, આ કાગડાનાં મોઢામાં રામનામ તમે કયાંથી આપ્યું ? અમુક સંસ્કારોવશાત તેઓનાં કોધી સ્વભાવથી ગાળો બોલતા, તેના બદલે રામનામ !! આજ પ્રભુની અહૈતુક કૃપાનું પરિણામ.

મજજન ફલ પેખિય તતકાલા, કાક હોહિ પિક બકહું મરાલા.

## અહૈતુક કૃપા



## પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)

સુનિ આચરજ કરૈ જનિ કોઈ, સત સંગતિ મહિમા નહિ ગોઈ.
(૪૮) સોઈ કરહું અબ કૃપાનિધાના :

સંપાદક : મહેન્દ્ર સી. જોષી
મો. ૯૪૨૬૪ ૫૭૩૫૫ (નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)



હિંમતલાલના દેહ છુટયા વિષે ભગવાનને જણાવતાં રાંચીથી ભગવાનનો પત્ર આવ્યો.
૨૯-૮-૬૪

પ્રિય રમા સાદર આસીસ,
રમા તુમ્હારા પત્ર પઢતે હી અતિ સંવેદના ઉત્પન્ન હુઈ ઔર કલ પત્ર ન લિખ સકા ભગવાન ઉનકી આત્મા કો ચિર શાંન્તિ દે ઔર કાન્તાકો સાહસ ઔર ધીરજ દે યહી પ્રાર્થના ઈહાં જિસને સુના સબકો અતિ દુઃખ હુઅ:

પુરૂષાતમભાઈકો એક નવીન પરિસ્થિતિકા સામનાં કરના પડેગા, વહ તો પરમાર્થ શૈધક હૈ પર દેશકાલસે વ્યથિત હો ગયે હોગે કુછ બસ નહી ચલતા ભાવીસે.

રામ સીથતનું સગુન જનાયે, ફરકહિં મગલ અંગ સુહાયે ।

કાન્તાકા કયા હોગા યહ જટિલ પ્રશ્ન ઉનકે જીવનમે ઉપસ્થિત હો. ગયા કયાં કરૂ પતિતપાવનજી રક્ષા કરે.
સબકો આસીસ – રણછોડદાસકા

વ્યવહાર કુશળતા પણ કેટલી અદભૂત ! સોળે કળામાં નિપુણ પરમાત્મા વિષે શું કહેવાનું હોય ?

કળા અપરંપાર એમાં પહોંચે નહી રે વિચાર,
પ્રભુ તારી કળા અપરંપાર જી....

ભગવાન રાંચીથી નીકળી ગયા બાદ પહેલાનાં પત્ર પ્રમાણે કદાચ બાંસરા બિરાજતા હશે. પત્ર આવ્યો પરંતુ તેમાં તારીખ કે ગામનું નામ નહોતું.

શ્રી રામચંદ્રાય નમઃ
પ્રિય રમા સાદર આસીસ,
તુમારે પત્ર મિલતે હૈ ઔર પ્રેમબિન્દુ નેત્રસે વિવશ હોકર બાહર આહી જાતે હૈ.
દેખો તુમ સદૈવ અપનેકો પાપી પાપીકા ઉલ્લેખ કરતી હો યહ મેરે સે સહન નહીં હોતા ન જાને કયોં. મન ગ્લાનીસે ભર જાતા હૈ. અસ્તુ તુમ એસે શબ્દોકા પ્રયોગ ન કરો. તુમ પાપી નહીં પર પાપોંકો પીનેવાલી હો સમજી.

અચ્છા અબ થોડા જો વજાપાત હુઆ ઉસકા વિચાર કરો કાન્તાકે સ્વભાવકો તુમ ખુબ જાનતી હો. ઔર ભાઈ ઓંકે સ્વભાવોકો ભી મેં ચાહતા હું કિ તુમ ભી ઉનકે કષ્ટમે મદદરૂપ બનો. ઔર થોડા પરિશ્રમ કરો તો ઠીક દેખો કાન્તા બહન જયપુર આ રહી હૈ ઉનકો ખુબ શાન્ત્વના દેના ઔર હિંમત સાહસ ઔર જગતકી નશ્વરતાકા સંસ્કાર ડાલનાં ખુબ પ્રેમસે સમજાના.
રણછોડદાસકા આસીસ

આ જ પત્રમાં આગળ લખેલું.

રમા તુમ વિશ્વાસ કરો તુમસે એક ક્ષણ નહીં હૂં ઔર ન તુમકો કભી ભૂલતા હૂં તુમારી સહનશકિત સરાહનીય હૈ તુમ ધીરજ

રામહિં બંધુ શોચ દ્રિનરાતી, અંડનિ કમઠ હૃદય જેહિ માંતી ।

રખો ભગવાનકા ભજન કરો. વિષયો પર દોષ દર્શન કરનેકા સતત અભ્યાસ કરો.

ભગવાન હિમ્મતલાલકી આત્માકો અવશ્ય શાંન્તિ દેગે. ઈસમેં કભી શંકા નહી હૈ.

તુમ ખુબ ભજન કરો રમા તુમ દો સાલવાલે બાલક કો અપને પાસ રખો તો ? તુમ ઉસકી પાલક માં બનો તો ? મૈ બરાબર તુમારી ઉલઝન સુલઝાતા રહુંગા હો. તો કાન્તાકો બડા હી સહારા હોગા રમા તુમ કિતની અચ્છી હો.

આ પત્રના જવાબમાં મેં લખેલું, ભગવાન, આપકા પ્રેમપુર્ણ પત્ર મિલા. મૈ જબતક જયપુર રહું તબતક ગૃહકાર્યકી પુરી જવાબદારી સમ્હાલતી રહું યહ ઠીક હૈ. પરંતુ આપને જો પુછા હૈ, 'રમા તુમ દો સાલવાલે બાલકકો અપને પાસ રખો તો ? તુમ ઉસકી પાલકમાં બનો તો ? 'ભગવાન યહ કૈસ હો સકતા હૈ ? કયોંકિ મેરે લિયે યહ કિતનાં બડા બંધન હો જાયેગા. ફિર તો મુઝે કભી ભી આપકે પાસ આના કિતનાં મુશ્કિલ હો જાયેગા.

ફિર ભી યદિ આપકી આજ્ઞા હો તો મૈ કુછ કહ નહી સકતી. હાં આપ મુઝે ઈસ બહાને અપને સે દુર રખના ચાહો તો યહ ઉપાય ઠીક હૈ. આપકી સેવાકે લિયે તો મુઝમે કોઈ પાત્રતા હૈ નહી અબ ઈસ બહાને આપકે પાસ આના હી બંધ હો જાયેગા. ઔર ઈસ ઝંઝટસે ભજનમે ભી વિક્ષેપ હોના સહજ હૈ. મેરી બુદ્ધિ અનુસાર તો યહી સમજ પાતી હું બાકી તો જૈસે આપ કહેંગે વૈસે કરૂંગી, મુઝે તો કઈ બાર આપકી કૃષ્ણલીલા દેખકર મન હી મન ગુસ્સા આતા હૈ કયોંકિ મેરે ઈષ્ટ દેવ શ્રી રામ હૈ ન કિ શ્રીકૃષ્ણ, કહાં તો રામજીકા સીધા સરલ જીવન ઔર કહાં કૃષ્ણકી અટપટી લીલા ।।આ રીતનું લખાણ મે લખેલું તેના પ્રત્યુતરરૂપે ભગવાનનો પત્ર આવ્યો.


શ્રી રામચંદ્રાય નમઃ ।।
શ્રી કૃ....
રમા.....
પ્રિય રમા સાદર આશીરવાદ
તુમારા પ્રેમાલ પત્ર મિલા ઉસમે નિષ્ઠાકી પરિપકવતાકા દર્શન હુઆ.(૧૫૭)

# મળવા જેવા ઋજુ સ્વભાવના માનવ મનોચિકિત્સક અને માનવમંદિરના મનોરોગીઓના મસિહા ડો.વિવેક જોષી

જનનીજણ્યતો ભક્ત જણ્ય,
કા દાતા કા શૂર,
સંવેદનશીલ, સેવાર્થી,
મત ગુમાવીશ નૂર.

ભારતીય ભૂમી માતા પાસે સંસ્કારી સમાજની બહુ મોટી અપેક્ષા છે. આ અપેક્ષા પાર પાડનાર વિરલ માતાઓ અવતરે છે આવા માતાની યાદીમા મોખરાનુ સ્થાન છે પૂજય દક્ષાબેન જોષીનુ જેણે વિવેકભાઈને ઉદરમાથી સુ સંસ્કારી બનાવી જન્મ આપ્યો. હાજી મહાદેવના પ્રથમ સ્વયંભૂ જયોતિર્લિંગ સોમનાથ અને દ્વારકાના જગતમંદિરની પર ગજની ધ્વજાના ફરફરાટના મંદ પવન અને ભક્તકવિ નરસૈયાની સેવા ભક્તિથી સુગંધિત, દામોકૂંડના પવિત્ર જળથી પાવન ધરા જૂનાગઢમા પ્રભુપરાયણ,સેવા વ્રતધારી પ્રકાશભાઈ અને અખંડ સૌ.દક્ષાબેન જોષીના સુખી ગૃહસંસારમા ૩૦/૦૫/૧૯૮૪ના રોજ સોનાનો સુરજ ઉગ્યો. અતિ તેજસ્વી લલાટ અને હાસ્ય સફર ચહેરા વાળા પુત્ર રત્નનો જન્મ થયો માતા – પિતા પરિવારનો અને આડોશ પડોશના પરિવારમાં આનંદની હેલી વર્તાણી પિતા પ્રકાશભાઈ જુનાગઢમાં ગુજરાત સરકાર સ્થાપિત ગુજરાત આયુર્વેદ વિકાસ મંડળ ફાર્મસીમા સંશોધન મદદનીશ તરીકે સેવા રત હતા પોતાની આર્થિક સ્થિતિ પણ નબળી છતાં પણ પુત્ર જન્મનો આનંદ કોને ન હોય ? રૂડા પ્રસંગને મહોત્સવમાં ફેરવી નાખ્યો તેના ચહેરાના દર્શન માત્રથી પિતાજીએ બાળકનું નામ આપ્યું(વિવેક) અમરેલી બાજુના માસીયાળાના વતની અને પરિવારના મનોરોગીની સેવા સારવારથી સંતુષ્ઠ થયેલ વિપ્ર સાહિત્યકાર, કવિ હૃદય શ્રી મહેશભાઈ ત્રિવેદી સુવર્ણ વાકયોથી સન્માન આપતા નોં પ્રયુ છે તે સમાજને શેર કર્યા વિના રહી શકતો નથી.

વિ........વિચારી ને દર્દીને ન્યાય આપો છો.
વે......વેદના (દર્દીની)ને નિર્મૂળ કરો છો.




ક...........કર્મના સિદ્ધાંત પ્રમાણે ચાલો છો.

ઉપરાંત વિનય, વિવેક,નમ્રતા,ધીરજતા, સમજતા, સાલસતા,સમાનતા આપના સ્વભાવના ગુણો છે. કોઈ આપણી નોંધ લે એતો ઠીક છે. આપણા કામમાં આપણે મગ્ન રહીએ તે પૂરતું છે.

આ માતા પિતાના લાડકોડ, શેરી મિત્રો સાથે રમતા રમતા પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ જૂનાગઢમાં ભારે તેજસ્વીતા સાથે વિજ્ઞાનમાં ઊંચા મેરિટ પ્રાપ્ત કરી પૂર્ણ કરી અમદાવાદની બી.જે.મેડિકલ કોલેજમાં એમ. બી. બી. એસ. સુધીની ડીગ્રી મેળવી.વધુ અભ્યાસ માટે મનમા મંથન ચાલ્યુ

૧) પોતે એવી ડીગ્રી મેળવે જેમા સર્જરી ન હોય.

૨) માનસિક રોગના દર્દીમા જાગૃતિ લાવવી અને અંધશ્રદ્ધા વહેમથી દુર રહે અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ અપનાવવાની તિવ્ર ઈચ્છા.

૩)મુખ્ય કારણ તે સમયે અમરેલી, પોરબંદર અને કચ્છ જિલ્લામા માનસિક રોગના કોઈ ડોકટર હતા નહી તેના કારણે કારણે તેમણે (ડિપ્લોમા ઈન સાઈક્રિયાટી મેડીસીન)ના બાહોશ ડોકટર બની દર્દીનારાયણની સેવા આદરી. અભ્યાસ ૨૦૧૦મા પૂર્ણ કરી જૂનાગઢમા (આયુર્વેદ વિકાસ મંડળ ફાર્મસી મા સેવાનો પ્રારંભ કરી દર્દીનારાયણના હૃદયસ્થ બન્યા. ૨૦૧૧મા ઉમદા ચારિત્રવાન, ધીરગંભીર, પતિવ્રતા, હાસ્યસભર ચહેરા વાળા ધરાબેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા. ધરાબેનપણ ડોકટર છે. તેઓ ખ.ઉ.(એનેથેસીયા) જેવી ડીગ્રી ધરાવે છે.અમરેલી સિવીલ હોસ્પિટલમા તેજસ્વી ડોકટર તરીકે સેવા બજાવે છે. એક પ્રેમાળ પત્ની, કુશળ ગૃહિણી, પ્રેમાળ પુત્રવધૂ, માતૃત્વથી ભરપૂર તરીકે માતા વગેરે જેવા સામાજિક સંબંધો હસતા મોએ બજાવી પરિવારના આદર પાત્ર બની પતિપરાયણ આદર્શ નારી બની પતિને સફળતા માટે સતત પ્રેરક બન્યા છે. હાલમા અમરેલી સીવીલ સર્જન તરીકે વધારાનો ચાર્જ વહન કરી રહ્યા છે.

૨૦૧૧ થી ૨૦૧૩ સુધી અમરેલી ગોળ હોસ્પિટલમા સેવા આપી તો ૨૦૧૩ થી ૨૦૧૪ સુધી રાજકોટ ૨૦૧૪ના જાન્યુઆરીથી અમરેલીમા એસ.ટી.ડેપો સામે પારસ હોટલની નીચે પ્રાઈવેટ પ્રેકટીસથી મનોરોગી ડોકટર તરીકે સહુના પ્રિય બન્યા.

આવા બાહોશ ડોકટરની સફળતા (દાબી ડૂબીના રહે કસ્તુરી કી બાશ)એ ન્યાયે હીરા પારખુ એવા અમરેલી દૂરદર્શનના હેડ ( વિભાગીયવડા) ચંદ્રેશભાઈ બાબરીયાએ સા.કુંડલા પૂજય ભક્તિરામ બાપુના માનવમંદિર કે જયા મનોરોગીઓનો સમૂહની વ્યથા વર્ણવી તે દર્દી નારાયણને રોગમુક્ત કરવા અપીલ કરી દીનબંધુ ડોકટર સાહેબે સેવા બીડુ ઝડપી ૨૦૧૪થી દર માસે નિયમિત મનોરોગની ચેલેન્જવાળા દર્દીનારાયણની સેવાનો પ્રારંભ કરી આજ સુધી આવા મોટા અધિકારી ચંદ્રેશભાઈ પોતાની ફોર વ્હીલમા ડોકટર જોષી સાહેબને લઈ જવા લાવવાની સેવા સ્વિકારી.

પોતે એક ઘટના વાગોળતા કહે છે' મને સાઈકલનો ભારે શોખ પરંતુ ધોરણ ૯મા અભ્યાસ કરતા ત્યારે સાઈકલ લેવા વેન કરેલ પરંતુ પિતાએ આર્થિક નબળી સ્થિતિના કારણે સાઈકલ અપાવી નહી તે ધ્યાને લઈ ગરીબ મનોરોગી પર કરૂણા દર્શાવી રહ્યા છે. અને જયારે જયારે એવા કોઈ ગરીબ દર્દી આવે ત્યારે તે સ્થિતિ યાદ કરી સામાન્ય ફી લઈ અથવા નિઃશુલ્ક સારવાર આપે છે.

માનવમંદિરના યશસ્વી કરૂણામૂર્તી પૂજય ભક્તિરામબાપુએ ડોકટર સાહેબનુ ભવ્યાતિભવ્ય સન્માન કરી આશિર્વાદ આપ્યા. વિવેકભાઈના બેન દેહુતીબેન જોષી પણ MSc.Micro biology With B.ed સુધીનો તેજસ્વિતા પૂર્વકનો અભ્યાસ પૂર્ણ કરી સરકારી શિક્ષક તરીકે સેવા ફરજ બજાવે છે.

સેવાના ફળસ્વરૂપ ૨૦૧૫મા આ દંપતિને આંગણે પુત્રીરત્ન 'વિહા'નો જન્મ થતા પરિવારે ભવ્યાતિભવ્ય વધાઈ આયોજન કર્યુ.

પરમ કૃપાળુ ભોળાનાથ આવા સેવારત્ન તબીબની નીરોગી દીર્ઘાયુ ૧૫૦ વર્ષનુ યશ, કીર્તિ, ધન, વૈભવ વધારનાર કરે અને મનોરોગી દર્દીઓના સાચા અર્થના મસિહા બને તેવા રૂડા આશિર્વાદ વરસાવે તેવી પ્રાર્થના.

**મહેન્દ્રભાઈ જોષી પ્રમુખ લોકસાહિત્ય સેતુ અમરેલી**

# સમજણ એ જ નારાયણ

**'જીવનમાં ખુટે ના હામ, નહિંતર સમજો ખેલ તમામ.'– મુસાફિર પાલનપુરી**



યોગેશ ભટ્ટ
(બી.એ.એલ.એલ.બી.)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી


તાજેતરનાં વર્લ્ડકપ ક્રિકેટ મેચમાં ઓસ્ટ્રેલીયાનાં બેટર ગ્લેન મેકસવેલે અફઘાનીસ્તાન સામે રમેલી બેવડી સદીની સાહસિક, લડાયક ઈનીંગ્સ ક્રિકેટ ચાહકોને કાયમ...લાંબા સમય સુધી યાદ રહેશે. એકકાણું રનમાં સાત વિકેટ ગુમાવ્યા પછી... પગનાં સ્નાયું ખેંચાઈ ગયા પછી, દરેક તરફથી હાવી થઈ ગયેલા દબાણ પછી અને સઘળી જવાબદારી પોતાનાં જ ખભા ઉપર હોવાનાં સમયે બસ્સો બાણું રતનો મોટો ટારગેટ ચેસ કરી બતાવવો, અસહ્ય પીડાનાં અનુભવ કરાવતો દુઃખતો પત્ર હલાવ્યા વગર જ ચોકકા-છક્કા ફટકારવાં..... ઓવરનાં અંતિમ બોલને બાઉન્ડ્રી ઉપર મોકલીને ચહલકદમી કરતા સીંગલ રન લઈ લેવો... વિરોધી ટીમની એક પણ કારી ન ફાવવા દઈને તેમનાં મોઢામાં મુકાઈ ચુકેલા કોળીયાને ફરીથી પાછો ખેંચી લેતી આ ઈનીંગ્સ ભલે રમતનો જ એક ભાગ છે... પરંતુ જીવનનાં મેનેજમેન્ટના અનેક પાઠ શીખવી જવા માટે સક્ષમ સાબિત થઈ શકે તેમ છે ।।

ક્રિકેટ મેચની જેમ જ જિંદગી પોતે જ એક જંગ છે.. ચડાવ – ઉતાર, આરોહ – અવરોહથી ભરેલી એક રોમાંચક યાત્રા જ છે ! ક્રિકેટની જેમ જ ઘણી બાબતો જીવનને પણ સમાંતર લાગુ પડે છે. જીવનની પીચ ઉપર પણ સેટ થવું પડે છે. પર્ફોમન્સ બતાવવું પડે છે. માત્ર પોતાનાં માટે જ નહી પણ ટીમ માટે રમવાનું હોય છે. પરિસ્થિતિ પ્રમાણે રમવાનું હોય છે. કયારેક ડીફેન્સીવ તો કયારેક આક્રમક પણ થવું પડતું હોય છે. દરેક દિવસ નવો દિવસ હોય છે. ફકત એક જ બોલ આઉટ કરવા માટે પુરતો હોય, તેમ એકાદ ભુલ જ જીવનને પથભ્રષ્ટ કરવા કાફી થઈ પડતી હોય છે. ટીમભાવનાં, ખેલભાવનાં સાતત્ય અને શીસ્તનાં જીવન ઉપયોગી મુલ્યો બન્ને ક્ષેત્રે પેરેલલ જ અસર કરતાં રહે છે. જે તેને જાળવી શકે છે તે ટોચ ઉપર પહોંચીને પુજાય છે. જે નથી જાળવી શકતાં તે ઝડપથી ખોવાઈ જતાં હોય છે ।।

**:: નવનીત ::**

''હાર કે જીતથી પ્રશ્ન પતતો નથી, છેક એવો જ આ કાયમી જંગ છે.'' રાજેન્દ્ર શુકલ


પૂ. જલારામ બાપાના ચરણોમાં શત્ શત્ વંદન...




સંત શિરોમણી પૂ. જલારામ બાપાને ૨૨૪ મી જન્મજયંતિ નિમિતે તેમના ચરણોમાં અમારા શત્ શત્ વંદન...

શ્રી જીતુભાઈ ગોળવાળા
પ્રમુખ : લોહાણા મહાજન અમરેલી

પૂ. જલારામ બાપાના ચરણોમાં શત્ શત્ વંદન




સંત શિરોમણી પૂ. જલારામ બાપાને ૨૨૪મી જન્મજયંતિ નિમિતે તેમના ચરણોમાં અમારા શત્ શત્ વંદન...

લી.

શ્રી જયમલભાઈ ચુડાસમા

તથા ચુડાસમા પરિવાર

: અમરેલી :

# અમરેલી : માર્કેટયાર્ડમાં પ્રથમ દિવસે સુકા લાલ મરચાની ૫૦૦ ગાંસડીનું વેચાણ થયું : શૈલેષ સંઘાણી



અમરેલી માર્કેટયાર્ડમાં લાભ પાંચમથી સુકા લાલ મરચાની હરરાજીની જાહેરાત કરવામાં આવેલ હતી. જેમાં પ્રથમ દિવસે જ ૫૦૦ ગાંસડીની આવક થયેલ હોય જે તમામ ગાંસડીનું હરરાજીમાં વેચાણ થયેલ. જેમાં મરચાનાં રૂા. ૧૪૦૦ સૌથી નીચા ભાવ અને રૂા. ૩૭૦૦ ઉંચા ભાવથી વેચાણ થયેલ અને સરેરાશ ભાવ રૂા. ૩૧૫૦ થયેલ હતો. જેમાં ખેડૂતો અમરેલી માર્કેટયાર્ડની સુવિધાથી ખૂશ–ખૂશાલ હતા અને માર્કેટયાર્ડના સમગ્ર બોર્ડના ડાયરેકટરો પણ હાજર રહી અને આ ખુશીમાં મરચા વેચવા માટે આવેલ ખેડૂતોને તેમજ મરચા ખરીદનાર વેપારીઓને પણ બ્લેન્ડર મીક્ષર ભેટમાં આપવામાં આવેલ હતા. માર્કેટયાર્ડની જાહેર હરરાજીમાં અમરેલી, સાવરકુંડલા તેમજ ગોંડલનાં વેપારીઓ પણ ખરીદ કરવા આવેલ હતા તેમજ હરરાજી પૂર્ણ થયા બાદ માર્કેટયાર્ડમાં આવેલ તમામ ખેડૂતો અને વેપારીઓનું સ્નેહમિલનનો કાર્યક્રમ રાખેલ કે જેમાં બ્લેન્ડર મીક્ષરનું વિતરણ કરવામાં આવેલ હતું. તેમ બજાર સમિતિના સેક્રેટરી તુષારભાઈ હપાણીની યાદીમાં જણાવેલ હતું.

### ભારત વર્લ્ડ કપ વિજેતા બને તે માટે

## સાવરકુંડલામાં મુસ્લિમો દ્વારા મસ્જીદ દરગાહમાં દુઆ એ ખૈર કરાઈ

### દેશનાં બેટસમેન અને બોલર સફળ બને તેવી કામના કરાઈ

સાવરકુંડલા, તા. ૧૮

દેશભરમાં ભારત–ઓસ્ટ્રેલિયાની વર્લ્ડ કપની ફાઈનલ મેચને લઈને ઉત્સાહ બેવડાયો છે. ત્યારે ભારત ત્રીજીવાર ક્રિકેટના મહાજંગ સમાન વર્લ્ડકપ ૨૦૨૩ માં અજય સાબિત થયેલ ટીમ ઈન્ડિયા ફાઈનલમાં જુસ્સો બરકરાર રાખીને વર્લ્ડ કપ જીતે તે માટે મુસ્લિમો દ્વારા મસ્જિદ દરગાહમાં દુઆએ ખેર કરી હતી.



ક્રિકેટમાં મહાજંગ સમાનના વર્લ્ડ કપ ૨૦૨૩માં દેશની શાન સમો તિરંગો મસ્જિદોમાં આન, બાન અને શાનથી લહેરાઈ રહ્યો છે ને મુસ્લિમો પણ મસ્જિદો, દરગાહમાં દુઆએ ખૈર કરીને ભારત ૫ વારના ચેમ્પિયન ગણાતા ઓસ્ટ્રેલિયાને ધૂળ ચાટતુ કરીને ફાઈનલ મેચમાં ભવ્ય જીત હાંસિલ કરે તે માટે નમાજ, દુઆઓ શરૂ કરવામાં આવી છે. મોહંમદ સમી, શિરાજ, બુમરાહ, જાડેજા જેવા બોલેરો ઓસ્ટ્રેલિયન બેટ્સમેનોની દાંડી ગુલ કરી નાખે તો ભારતના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી વર્લ્ડકપની ચોથી સેન્ચ્યુરી ફટકારે ને શુભમન ગીલ અને રોહિત ધુવાધાર બેટિંગ કરીને રનનો ખડકલો કરી આપે તેવી દુઆઓ મુસ્લિમ અગ્રણીઓએ મસ્જિદના મૌલવીએ પણ કરેલ હતી. જયારે શ્રેયસ ઐયર, સુર્યકુમાર, જાડેજા કોઈ કચાશ બાકી ના રાખે ને ૫ વાર વર્લ્ડ કપ વિજેતા ઓસ્ટ્રેલિયા ને ભો ભીતર કરીને દેશની શાન સમા વર્લ્ડકપની ફાઈનલમાં જીત મેળવે તેવી દુઆઓ મસ્જિદોમાં મુસ્લિમો કરી રહ્યા છે.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં આજે પૂ. જલારામબાપાનાં**

મોરજરીયા (શિવ ફરસાણ–ધારી વાળા) પરિવાર દ્વારા તમામ જ્ઞાતિઓના ભાઈ–બહેનો તથા આગેવાનોને ઉત્સાહપૂર્વક પૂજય જલારામબાપાનો પ્રસાદ ગ્રહણ કરવા જાહેર આમંત્રણ આપેલ છે.

આ મિટિંગમાં રઘુવંશી અગ્રણી ડોકટર ભરતભાઈ કાનાબારે રઘુવંશી સમાજને ખાસ કરીને યુવાનોને ઉચ્ચ અભ્યાસના માધ્યમથી ઉજજવળ કારકિર્દી સમાજના બાળકો નિર્માણ કરે તે માટે કાર્ય કરવાનું આહવાન કરેલ હતું. મીટીંગના અંતે પ્રમુખ સ્થાનેથી અમરેલીના પ્રમુખ જીતુભાઈ ગોળ વાળાએ આભાર દર્શન કરેલ હતું.

અમરેલી ઉપરાંત સાવરકુંડલા, વીજપડી, ખાંભા, રાજુલા, ધારી, ચલાલા, બગસરા, કુંકાવાવ, વડિયા, દામનગર, લીલીયા, ઉના સહિત સમગ્ર જિલ્લાનાં જુદા–જુદા વિસ્તારોમાં પૂ. જલારામબાપાનાં પ્રાગટય દિનની આસ્થાભેર ઉજવણી કરવામાં આવશે.


**સંકુલ ઉ.મા. – કોલેજ પ્રવેશ ચાલુ – છમાસિક ફી**

| | | | |
|---|---|---|---|
| ★ ધો. ૧૧–૧૨ આર્ટસ ગુ.મી. | ૩૯૦૦ | ★ B.Com. કોલેજ ગુ.મી. | ૮૧૦૦ |
| ★ ધો. ૧૧–૧૨ કોમર્સ ગુ.મી. | ૪૩૦૦ | ★ B.Com. કોલેજ ઈ.મી. | ૮૧૦૦ |
| ★ ધો. ૧૧–૧૨ કોમર્સ ઈ.મી. | ૬૫૦૦ | ★ B.Sc. કોલેજ માઈક્રો–BT | ૧૧૯૦૦ |
| ★ ધો. ૧૧–૧૨ સાયંસ EM-GM | ૧૨૨૦૦ | ★ B.Sc. કોલેજ કેમેસ્ટ્રી | ૧૧૯૦૦ |
| ★ BA કોલેજ – સાયકો–સોસીયો | ૬૨૦૦ | ★ B.B.A. કોલેજ ઈ.મી. | ૮૮૦૦ |
| ★ BA કોલેજ – મેઈન Eng. | ૬૨૦૦ | ★ B.C.A. કોલેજ ઈ.મી. | ૧૧૯૦૦ |

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સ્થળ:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, [illegible] રોડ, અમરેલી ★ ફોન: [illegible] - Ad071


પાના ૮ ઉપરનું ચાલું **ગીર ગઢડાનાં ઝુડવડલી ગામની**

હતા. વાડીમા ભાગ્યું રાખી ખેતીમાં વાવેતર કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. વાડીમા ખેતી કામ કરી ભાગ્યું રાખતા આ બન્ને પતિ પત્ની વચ્ચે કોઈ કારણોસર ઝઘડો થતા ઝેરી દવા પી લેતા જેમાં પતિનું ઘટનાં સ્થળે જ મોત નિપજયું હતું. જયારે પત્નીને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી. ત્યાં સારવાર મળે તે પહેલા મોત નિપજતા ભારે અરેરાટી વ્યાપી ગઈ હતી.

ઘટનામાં બન્નેના મોતથી પરિવારજનોમાં ભારે શોક પ્રસરી ગયો હતો. બન્નેના મૃતદેહ ઉના સરકારી હોસ્પિટલે પી.એમ. રૂમ ખાતે ખસેડવામાં આવ્યાં હતા. આ અંગે પોલીસે પણ હોસ્પિટલે દોડી જઈ મૃતક પરિવારજનોના નિવેદન લઈ આગળની વધુ તપાસ માટેની તજવીજ હાથ ધરી હતી.

પાના ૮ ઉપરનું ચાલું **ધારી ખાતે સામાન્ય માથાકૂટમાં**

માસીયાઈ ભાઈને ગંભીર ઈજાઓ કરતાં પ્રથમ ધારી અને વધુ સારવાર માટે અમરેલી દવાખાને ખસેડવામાં આવેલ છે.

આ બનાવમાં પોલીસ સુત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ ધારી ગામે આવેલ શીવનગર સોસાયટીમાં રહેતા મહિલા ભાજપનાં પૂર્વ મંત્રી તથા પૂર્વ તાલુકા પંચાયતનાં સદસ્ય મધુબેન ભરતભાઈ જોષીનાં વકિલ પુત્ર રવીભાઈએ દિવાળીનાં બે દિવસ પહેલા તેજ વિસ્તારમાં રહેતા મુળ સરસીયા ગામનાં વતની હિતેશભાઈ મહેતાનાં નાના દીકરાને સોસયટીમાં ફટાકડા સળગાવી ઘા કરવાની ના પાડતા તેમને સારૂ નહી લાગેલ જેથી ગત તા. ૧૫નાં રોજ રવિભાઈ જોષી પોતાની ઓફીસે જતાં હતા ત્યારે આરોપી હિતેશભાઈનો નાનો દીકરો ફોરવ્હીલ ચલાવી આ રવિભાઈ એડવોકેટનાં સ્કૂટી ઉપર નાખતા આ એડવોકેટે આરોપીને ફોરવ્હીલ ધીમે ચલાવવાનું તથા સાઈડમાં ચલાવવાનું કહેતા આરોપી હિતેશભાઈ મહેતાનો મોટો દીકરો, હિતેશભાઈ મહેતાનો નાનો દીકરો તથા હિતેશભાઈ મહેતાનાં ભાઈ પલાભાઈ મહેતાનો દીકરો રે. ત્રણેય ધારીવાળાએ એડવોકેટને ગાળો આપવા લાગેલ હતા. જેથી એડવોકેટ યુવક પોતાના ઘરે પરત ફરી અને આ બનાવ અંગે પોતાની માતા મધુબેન ભરતભાઈ જોષીને વાત કરતા આ ભાજપ અગ્રણી મધુબેન જોષી તથા એડવોકેટ યુવક બન્ને માતા–પુત્ર આરોપીઓને ઠપકો આપવા જતાં આરોપીઓને સારૂ નહી લાગતા અને ઉશ્કેરાઈ જઈ આરોપીઓએ પોતાની કારમાંથી લોખંડની પાઈપ કાઢી એડવોકેટને મારવા લાગેલ તથા છુટા પથ્થર પણ મારેલ. જયારે આરોપી હિતેશભાઈનાં મોટા દીકરાએ પોતાના ઘરમાંથી તલવાર કાઢી એડવોકેટને મારી નાખવાનાં ઈરાદે તેમની ઉપર ઘા કરી ગંભીર ઈજા કરી હતી. ત્યારે સાહેદ એડવોકેટનાં માસીયાઈ ભાઈ કિશનભાઈ સુરેશભાઈ દવે વચ્ચે પડતા તેમને પણ તલવાર વડે ઈજા થવા પામી હતી અને બાદમાં ભાજપ મહિલા અગ્રણીનાં હાથ ઉપર તલવાર મારતા તેણીને પણ ગંભીર ઈજાઓ થવા પામી હતી અને હાથમાંથી વધુ પ્રમાણમાં રકત વહી જતાં ઘવાયેલા ત્રણેયને પ્રથમ ધારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા જયાંથી વધુ સારવાર માટે અત્રેના દવાખાને ખસેડાયેલ જયાં ફરજ પરના તબીબે ભાજપ મહિલા અગ્રણી મધુબેન જોષીને મૃત જાહેર કરેલ હતા. આ બનાવમાં મૃતક મહિલાનાં એડવોકેટ પુત્રએ આ બનાવમાં ત્રણેય આરોપીઓ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી કલમ ૩૦૨, ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૧૧૪ મુજબ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.


**CHANGE OF NAME**

I, Dhandhukiya Baliben Dhanajibhi D/o Dhandhukiya Dhanajibhai Bhovanbha, R/o plotvistar, Chamardi, Amreli, Chamaradi, Gujarat, 365410, have changed my name to Dhandhukiya Kritika Dhanajibhai for all future purposes.


### શ્રી પુષ્ટીમાર્ગીય દ્વારકાધીશજી હવેલી ટ્રસ્ટ દ્વારા

## અમરેલી ખાતે આજે પૂ.પા.ગૌ ૧૦૮ શ્રી પુરૂષોતમલાલજી મહારાજ (રાજુબાવા)નાં જન્મદિવસની થશે ઉજવણી

### વૈષ્ણવો દ્વારા રકતતુલાનાં કાર્યક્રમને અપાયો આખરી ઓપ

અમરેલી, તા. ૧૮

શ્રી દ્વારકાધીશજી પ્રભુની અસીમ કૃપા અને નિ.લિ.પુ.પા.ગો. ૧૦૮ શ્રી વ્રજજીવનલાલજી મહારાજશ્રીના આશીર્વાદથી અને સોમીયાજી દિક્ષીત પુ.પા.ગો.૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીની આજ્ઞા અને પુ.પા.ગો.શ્રી અનુગ્રહકુમારજીના માર્ગદર્શન મુજબ અમરેલી ખાતે શ્રી પુષ્ટીમાર્ગીય દ્વારકાધીશજી હવેલી ટ્રસ્ટ ધ્વારા દ્વારકાધીશજી હવેલી સત્સંગ



હોલ ખાતે પૂ.પા.ગો. ૧૦૮શ્રી પુરૂષોતમલાલજી મહારાજ (રાજુબાવા)નાં ૪૭માં જન્મ દિવસ આવતીકાલ તા. ૧૯/૧૧ રવિવારનાં રોજ ખુબ જ ધામધુમથી ઉજવવાનાં મનોરથ હોય, આ શુભ અલૌકિક પ્રસંગે પૂ.પા.ગો. ૧૦૮ શ્રી પુરૂષોતમલાલજી મહારાજ (પૂ. રાજુબાવાશ્રી)ની રકતતુલા કરવાનો સંકલ્પ પણ કરવામાં આવ્યો છે.

આ સેવા કાર્યમાં અમરેલી ઉપરાંત ધારી, સાવરકુંડલા, ચલાલા વિગેરે ગામનાં ભાવિકો પણ જોડાશે અને આ સંકલ્પપૂર્ણ કરવામાં સહયોગી થનાર છે. આ અંગે તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવેલ છે અને તમામ કાર્યક્રમને આખરીઓપ અપાયો છે.

તા. ૧૯, રવિવારના રોજ પૂ.પા.ગો.૧૦૮ શ્રી પુરૂષોતમલાલજી મહારાજ (પૂ. રાજુબાવાશ્રી)ના જન્મ દિવસે મંગળા દર્શન સવારે ૬ થી ૭/૩૦, કલાકે, પલના નંદમહોત્સવ સવારે ૯:૩૦ કલાકે, રાજભોગમાં કુન્નવારા મનોરથ સવારે ૧૧:૩૦ કલાકે, માર્કન્ડેય પુજા સવારે ૧૨:૩૦ કલાકે ભોગ આરતી ભીતર થશે. રક્તુલા તથા વિવિધ સંસ્થાઓ દ્વારા અભિવાદન બાદ બચનામ્રુત સાંજે ૫ કલાકે તથા બંગલાના મનોરથ સાંજે ૬:૩૦ પછી થશે.

આ તમામ અલેકિક ઉત્સવમાં સમગ્ર પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજના લોકોને ઉપસ્થિત રહેવા તથા મહાપ્રસાદ લેવાં પધારવા શ્રી પુષ્ટીમાર્ગીય દ્વારકાધીશજી હવેલી ટ્રસ્ટ દ્વારાનિમંત્રણ આપવામાં આવેલ છે.

### અવસાન નોંધ

**અમરેલી :** અમરેલી નિવાસી સાઠોદરા નાગર બ્રાહ્મણ મહેન્દ્રભાઈ ચંદુભાઈ દવે (ઉ.વ. ૭૬) તે ઉદયભાઈ અને મનીષભાઈના પિતા તથા ડોલરભાઈ પંડયા (નાની વડાળ)ના બનેવીનું તા. ૧૭ને શુક્રવારના રોજ અવસાન પામેલ છે. સદ્ગતનું બેસણું તા. ૧૮ને શનિવાર સાંજે ૪ થી ૬ તેમના નિવાસ સ્થાન હરિધામ સોસાયટી, કોમન પ્લોટ, ભોજલપરા, કેરિયા રોડ, અમરેલી ખાતે રાખેલ છે.

**દામનગર :** નારૂભાઈ રામભાઈ લાંગાવદરા (ઉ.વ. ૭૩) તે જીગ્નેશભાઈ અને સંજયભાઈના પિતાશ્રી, રમેશભાઈ અને ભદ્રેશભાઈના મોટાભાઈ તેમજ કમલેશભાઈ હેમુભાઈ ભેવલીયા, હિતેશભાઈ હેમુભાઈ ભેવલીયા, જયદિપભાઈ હેમુભાઈ ભેવલીયા, હાર્દિકભાઈ હેમુભાઈ ભેવલીયા (ભીલડી)ના મામા તેમજ ભાવેશભાઈ મનુભાઈ અને વિજયભાઈ ભદ્રેશભાઈના મોટા બાપુજીનું તા. ૧૬/૧૧ ને ગુરૂવારના રોજ દામનગર મુકામે સ્વર્ગવાસ થયેલ છે. સ્વ.ની દશા–એકાદશા તા. ૨૬/૧૧ને રવિવારે અને ઉત્તરક્રિયા (પાણીઢોળ) તા. ૨૭/૧૧ને સોમવારે તેમના નિવાસ સ્થાને છભાડીયા રોડ, દામનગર રાખેલ છે.

**અમરેલી :** મતીરાળા નિવાસી નટુભાઈ મોહનભાઈ અમરેલીયા (ઉ.વ. ૮૫) તે દામોદરભાઈના ભાઈ અને સંજયભાઈ (બાબા પાન)ના પિતાશ્રી તેમજ ડો. જયંતિભાઈ અને અરવિંદભાઈ દાણુનાં કાકાનું તા. ૧૩ને સોમવારનાં રોજ અવસાન થયેલ.

**અમરેલી :** ઔદિચ્ય સહસ્ત્ર ચિભડીયા બ્રહ્મસમાજનાં ગં.સ્વ. બકુલાબેન ગજેન્દ્રભાઈ ત્રિવેદી (ઉ.વ. ૭૫) તે મનિષભાઈ ત્રિવેદી અને જિજ્ઞાશાબેન રાજેશભાઈ દવે (અમદાવાદ)ના માતુશ્રી તથા કિશોરભાઈ, હર્ષદભાઈના કાકી તેમજ હરિભાઈ દયારામભાઈ મીસરના દીકરી તા. ૧૬/૧૧/૨૩ને ગુરૂવારનાં રોજ અવસાન પામેલ છે.

# અમરેલી : શકિતગૃપ દ્વારા થેલેસેમીયા એઈડસ ગ્રસ્ત તેમજ જરૂરિયાતમંદ બાળકો સાથે દિવાળીની ઉજવણી



અમરેલી શહેરની જાણીતી સંસ્થા શકિત ગ્રૂપ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા થેલેસેમીયા ગ્રસ્ત અને એડ્સ ગ્રસ્તનાં નાના બાળકો તેમજ ચિતલ રોડ ડેમનાં પાળા પાસે તેમજ બ્રાહ્મણ સોસાયટી પાસે સહિત જુદા–જુદા વિસ્તારોમાં ફરી નાના બાળકો દિવાળી તહેવાર નિમિતે મિઠાઈ આપી દિવાળી તહેવારની ઉજવણી કરવામાં આવી હતી. તેમજ આ કાર્યક્રમ 'વિહાલ કેર એન્ડ સ્પોર્ટ સેન્ટર' ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે શકિત ગ્રૂપ ચેરીટેબલ ટ્રસ્ટનાં પ્રમુખ ગૌતમભાઈ વાળા શકિત ગ્રૂપ ચેરીટેબલ ટ્રસ્ટના તમામ સભ્યો તેમજ અમરેલી શહેર ભાજપનાં ઉપપ્રમુખ પદે નરેન્દ્રસિંહ પરમાર, અશોકભાઈ વાળા, જીજ્ઞેશ દાફડા, પરેશભાઈ પરમાર, વિજયભાઈ ધંધુકિયા, આદિત્ય વાળા, વિશ્વજીત વાળા, નરેશભાઈ માડલીયા, ધવલભાઈ ત્રિવેદી, મયુરભાઈ ખાનપરા, દેવેન્દ્રભાઈ જેબલીયા, ગૌરવ મહેતા, વિપુલભાઈ દવે, સહિત તમામ આગેવાનો અને શકિત ગ્રૂપ ચેરીટેબલ ટ્રસ્ટનાં તમામ સભ્યો સાથે મળીને નાના બાળકોને મિઠાઈ આપી તેમના મોઢા પર સ્મિત લાવવાનો અનોખો પ્રયાસ કરવામાં આવ્યો હતો. અને આવા રોગથી પિડાતા બાળકોને મિઠાઈ આપી તેમનાં પ્રત્યે લાગણી અને પ્રેમ વધે અને સંવેદનાથી તેઓ પણ સમાજમાં શ્રેષ્ઠ જીવન જીવે જેથી આવા બાળકોને મદદરૂપ થવા માટે દરેક વર્ગ આગળ આવવું જોઈએ તેવું શકિત ગ્રૂપ ચેરીટેબલના સભ્યોએ જણાવ્યું હતું.

### સામાન્ય બાબતનાં ગુસ્સાએ બે વિપ્ર પરિવારો વચ્ચે માથાકૂટ

# ધારી ખાતે સામાન્ય માથાકૂટમાં ભાજપનાં મહિલા અગ્રણી મધુબેન જોષીની હત્યા

## પોલીસે મૃતક મહિલા અગ્રણીનાં પુત્રની ફરિયાદ નોંધી





અમરેલી, તા. ૧૮

ધારી ગામે આવેલ શીવનગર સોસાયટીમાં દિવાળીનાં બે દિવસ પહેલા ફટાકડા ફોડવાની ના પાડતા આ બનાવને લઈ ગત તા. ૧૫નાં રોજ સાંજના સમયે ભાજપનાં પૂર્વ મંત્રી તથા પૂર્વ તાલુકા પંચાયતનાં સદસ્ય પોતાના વકિલ પુત્ર સાથે પડોશમાં રહેતા પડોશીને ઠપકો આપવા જતાં પડોશીએ ઉશ્કેરાઈ જઈ છુટા પથ્થર, લોખંડનાં પાઈપ તથા તલવાર વડે હુમલો કરી ભાજપનાં અગ્રણી મહિલાને ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવ્યું હતું. જયારે વકિલ યુવકને તથા તેમના

અનુસંધાન પાના ૬ ઉપર

### શ્રમિક પરિવારમાં સામાન્ય બાબતે માથાકૂટ થઈ

# ઉના : ગીર ગઢડાનાં ઝુડવડલી ગામની સીમમાં પતિ–પત્નિએ સજોડે ઝેર પીધુ

## બન્નેનાં મોતથી અરેરાટીનો માહોલ ઉભો થયો



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧૮

ગીરગઢડાના ઝૂડવડલી ગામની સીમ વાડી વિસ્તારમાં ભાગ્યે રાખી ખેતીમાં વાવેતર કરતા મહારાષ્ટ્રના રહેવાસી પતિ–પત્ની સજોડે ઝેરી દવા ગટગટાવી મોત વહાલું કરી લેતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

ઝૂડવડલી ગામની સીમ વિસ્તારમાં વિજયભાઈ બાબુભાઈ વરશાણીની માલિકીની વાડીમાં મહારાષ્ટ્રના નીતેષ રતિલાલ ઠાકુર તેમજ હિનાબેન ઠાકુર બન્ને પતિ–પત્ની પરિવાર સાથે વર્ષોથી રહેતા

અનુસંધાન પાના ૬ ઉપર

# લીલીયાનાં દાડમાં ગામની ઘટના પતિએ શાક બનાવવા બાબતે ઠપકો આપતા પત્નિની આત્મહત્યા

## પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી

અમરેલી, તા. ૧૮

લીલીયા તાલુકાનાં દાડમાં ગામે રહેતી લક્ષ્મીબેન ભાવેશભાઈ મકવાણા નામની ૨૦ વર્ષિય પરિણીતાનાં પતિએ શાક કેમ પાણી વાળુ બનાવ્યું છે તેમ કહી બોલાચાલી થતાં તેણીને લાગી આવતા તેણી ગત તા. ૧૪નાં રોજ બપોરનાં સમયે દાડમાં ગામે આવેલ જાણ એનર્જી સોલ્યુશન ફેકટરીએ આવેલ કવાર્ટરમાં લોખંડની એંગલ સાથે ચૂંદડી બાંધી ગળાફાંસો ખાઈ લેતા તેણીને સારવાર માટે અત્રેનાં દવાખાને ખસેડાયેલ જયાં તેણીનું તા. ૧૭નાં રોજ સારવાર દરમિયાન મોત નિપજયાનું જાહેર થતાં બનાવ અંગે નાયબ પોલીસ અધિક્ષક ધ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ છે.

### સાવરકુંડલા નજીક આવેલ

# ચરખડીયા ગામનાં રમેશભાઈ ધડુકનું માર્ગ અકસ્માતમાં મોત

## બાઈક પર કાબુ ગુમાવી ગાય સાથે અથડાયા

અમરેલી, તા. ૧૮

સાવરકુંડલા તાલુકાનાં ચરખડીયા ગામે રહેતા રમેશભાઈ શામજીભાઈ ધડુક ગત તા. ૧૬નાં રોજ સાંજનાં સમયે પોતાના હવાલાવાળા મોટર સાયકલ નં. જી.જે.–૧૪ એડી ૫૨૪૭નું લઈ ચરખડીયા ગામેથી સાવરકુંડલા ગામે આવી રહ્યાં હતા. ત્યારે બાયપાસ રોડ ઉપર મોટર સાયકલ ઉપરનો કાબુ ગુમાવી દેતા અને ગાય સાથે અથડાઈ જતાં તેઓ નીચે પડી જવાનાં કારણે ગંભીર ઈજાઓ થતાં તેમને સારવાર માટે દવાખાને ખસેડાતા તેમનું મોત નિપજયું હતું.


નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.) Diploma in Gynec Endoscopy (FRANCE) સ્ત્રીરોગ, પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત Mo. 9327361084
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.) નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત Mo. 9723799091
ઓપીડી સમય સોમવાર થી શનિવાર સવારે ૯ થી ૨ સાંજે ૫ થી ૮
ઉપલબ્ધ સુવિધાઓ... • નોર્મલ/જોખમી સિઝેરીયન ડિલીવરી • પેઈનલેસ (પીડા રહિત ડીલીવરી) 3D/4D કલર ડોપ્લર/ ખોડખાપણની સોનોગ્રાફી • ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન • વંધત્વની વૈજ્ઞાનિક/ આધુનીક સારવાર/IUI • ૨૪ કલાક કાર્યરત • લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ઉપલબ્ધ સુવિધાઓ... • રસીકરણ કેન્દ્ર • નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU • આહાર સંબંધીત સમસ્યાઓ • કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ સારવાર • જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.



પૂ. જલારામ બાપાના ચરણોમાં શત્ શત્ વંદન
સંત શિરોમણી પૂ. જલારામ બાપાને ૨૨૪મી જન્મજયંતિ નિમિતે તેમના ચરણોમાં અમારા શત્ શત્ વંદન...
CLARITY FINVEST Right Ideas For Your Money Investment & Insurance
ક્લેરિટી ફિનવેસ્ટ
૭, પહેલોમાળ, મેગામોલ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
શૈલેષભાઈ કોટેચા : મો. ૯૩૭૭૪ ૪૮૬૪૪
ચિત્ત કોટેચા : મો. ૯૪૦૯૦ ૭૭૩૫૫



Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.



પૂ. જલારામ બાપાના ચરણોમાં શત્ શત્ વંદન
સંત શિરોમણી પૂ. જલારામ બાપાને ૨૨૪મી જન્મજયંતિ નિમિતે તેમના ચરણોમાં અમારા શત્ શત્ વંદન...
શ્રી સંજયભાઈ ભૂપતાણી
શ્રી પંકજભાઈ ભૂપતાણી
શ્રી ગોપાલભાઈ ભૂપતાણી
નમ્રતા સ્ટુડીયો / ગોપાલ ઓટો એડવાઈઝર
પી.એમ.આંગડીયા / ક્રિશ એન્ટરપ્રાઈઝ(જીઓ)
મો. ૯૪૨૬૨ ૧૯૬૧૫ / મો. ૯૪૨૬૨ ૩૨૩૪૨
મુ. બાબરા, જી. અમરેલી.



Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી. (જંગવાળા)
ઘડિયાળનાં કાંટા તેના નિયમ પ્રમાણે ચાલે છે
એટલે સૌ તેના પર વિશ્વાસ કરે છે,
તમે પણ નિયમ પ્રમાણે ચાલો લોકો તમારી
ઉપર પણ વિશ્વાસ કરશે.
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 9555811166



પૂ. જલારામ બાપાના ચરણોમાં શત્ શત્ વંદન
સંત શિરોમણી પૂ. જલારામ બાપાને ૨૨૪મી જન્મજયંતિ નિમિતે તેમના ચરણોમાં અમારા શત્ શત્ વંદન...
શ્રી બટુકભાઈ બાલુભાઈ જસાણી
શ્રી અંકુરભાઈ બટુકભાઈ જસાણી
ઉપપ્રમુખ : નગરપાલીકા–બાબરા
શ્રી હેતુભાઈ બટુકભાઈ જસાણી
શ્રી જીગરભાઈ બટુકભાઈ જસાણી
મહિલા અને બાળ વિકાસ–અધિકારી–ગાંધિનગર
અંકુર મોબાઈલ–બાબરા, મુ. બાબરા, જી. અમરેલી



Sheetal
પ્રસંગ ખાસ, શીતલ છાશ, બોલશો હાશ...
Sheetal Buttermilk
6 લીટર પાઉચમાં ઉપલબ્ધ
73000 51000



હાઉસફુલ... હાઉસફુલ... હાઉસફુલ...
આજે રવિવારે બે શો..
૬:૦૦ તથા ૯:૩૦ કલાકે
સમીર પટેલ પ્રસ્તુત મેજીક ઓફ ઇન્ડિયા
જાદુગર વૈતાલ જાદુગર તેજા
દરરોજ રાત્રે ૯:૩૦ કલાકે
: દર રવિવારે બે શો :
સાંજે ૬ અને રાત્રે ૯:૩૦ કલાકે
સ્થળ : મ્યુનિ. ગર્લ્સ સ્કૂલ - નાગનાથ મંદિર પાસે, અમરેલી.
'જાદુના પ્રયોગો'



LG BEST SHOP Life's Good.
India ka Celebration
આ તહેવારોમાં ઘરે લઈ જાઓ એલજી પ્રોડક્ટ આકર્ષક ઓફર સાથે
FROST FREE REFRIGERATOR GL-C322KPZY DoorCooling+ Capacity : 291 L MRP : ₹ 39,599 ઓફર કિંમત : ₹ 26,000
FROST FREE REFRIGERATOR GL-N292BDSY Capacity : 242 L MRP : ₹ 28,999 ઓફર કિંમત : ₹ 20,490
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી. મો. 9974772377


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)